# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ક્રિયાયોગ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૯ |
| ‘સર્વમંગલ’ પુસ્તકનું વિમોચન | ડો. બી. જે. જાગાણી | ૧૬ |
| સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન | પૂ. યોગેશ્વરજી | ૨૦ |
| જ્યોતિર્મયી માતાજીના જન્મ-દિવસની ઉજવણી | આશિષ ગોહિલ | ૨૭ |
| સ્વર્ગારોહણતીર્થમાં પૂ. માની સંનિધિમાં નૂતનવર્ષની ઉજવણી | ડો. બી. જે. જાગાણી | ૨૯ |
| પોયણું પાંગર્યું—શૈશવ કથા | ડો. બી. જે. જાગાણી | ૩૭ |
| પૂ. માની સંનિધિમાં યોગજ્યોત ગૌરવ પારિતોષિક પુરસ્કાર વિતરણ સમારોહ | ડો. બી. જે. જાગાણી | ૪૪ |
| સ્નેહ યજ્ઞ | તંત્રી | ૫૫ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૮ |
| ઈ. સ. ૨૦૦૪ ના વર્ષ માટે પ્રાર્થના | તંત્રી | ૬૩ |
| શ્રી મા સર્વેશ્વરીને | અરુણિકા મનોજ દરૂ | ૬૪ |

## ❁ અભિનંદનીય સહાય ❁

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્યને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહયોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વપ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ જાન્યુઆરી—૨૦૦૪ અંક ૪

# ક્રિયાયોગ

પૂ. યોગેશ્વરજી

ક્રિયાયોગની ફળશ્રુતિ શું? એની સાર્થકતા શેમાં? એના પ્રત્યે અનુભવાત્મક અંગુલિનિર્દેશ કરતાં એ પછીના બીજા સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ક્રિયાયોગ સમાધિભાવનાને માટે અને ક્લેશોને હળવા બનાવવા માટે છે. એનું પ્રમુખ આયોજન એ જ છે.

**समाधिभावनार्थ : क्लेशतनूकरणार्थश्च ।**

ક્રિયાયોગની મદદથી એ બંને પ્રકારનાં પ્રયોજનની પૂર્તિ થવી જોઈએ. એના અનુષ્ઠાનથી મન નિર્મળ બને છે, સાત્ત્વિક થાય છે, ઉદાત્તતા ધારણ કરે છે, અને સમાધિ માટે તૈયાર બને છે. સમાધિ માટેની સદ્ભાવનાથી ભરપૂર થાય છે. એ ઉપરાંત ક્લેશોની શાંતિ થાય છે. યોગદર્શનના સાધનપાદનાં ત્રણથી દસ સુધીનાં સૂત્રોમાં પાંચ ક્લેશોનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વર્ણન પ્રમાણે પાંચ ક્લેશો અનુક્રમે આ પ્રમાણે : અવિદ્યા,

અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ. એ પાંચે ક્લેશોની મૂળ માતા અવિદ્યા છે. એ અવિદ્યાને લીધે જ સાધકને પોતાના વાસ્તવિક સચ્ચિદાનંદ સ્વરૂપનું જ્ઞાન કે ભાન નથી થતું. અ-વિદ્યા એટલે પોતાના અસલ સ્વરૂપનો અનુભવ ના હોવો તે. યોગદર્શનમાં એનું વિશ્લેષણ કરતાં કહેવામાં આવ્યું છે કે જે અનિત્ય છે, દુઃખ છે, અનાત્મ છે, એમાં નિત્ય, પવિત્ર, સુખ અને આત્મા હોવાની ભાવના જગાવવી એ અવિદ્યા છે. એ અવિદ્યા અને એને લીધે પેદા થતી અહંતા, મમતા, આસક્તિ, રાગદ્વેષાદિ વિપરીત વૃત્તિને લીધે માનવ દુઃખી થાય છે તથા બંધનમાં સપડાય છે. અવિદ્યાને લીધે વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું દર્શન નથી થતું. વિદ્યા વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરાવે છે. મોહમાંથી અને મોહને પરિણામે પેદા થનારી વિવિધ શુભાશુભ પ્રતિક્રિયામાંથી મુક્તિ આપે છે. અવિદ્યા અશાંતિકારક ઠરે છે તો વિદ્યા—અધ્યાત્મવિદ્યા શાંતિકારક. અવિદ્યા દુઃખદાયક તો વિદ્યા સુખપ્રદાયક. અવિદ્યા બંધનકારક તો વિદ્યા બંધનહારક. અવિદ્યા અભિશાપરૂપ ઠરે છે વિદ્યા અમોઘ અનોખા આશીર્વાદરૂપ બને છે.

ક્રિયાયોગ ક્લેશમુક્ત કરી, અવિદ્યાની નિવૃત્તિ કરીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. ક્રિયાઓને જીવનધારણરૂપી કલ્યાણકારક પરમક્રિયાનો પરમાત્માની પરમચેતના સાથે સંપર્ક કરાવે છે. જીવનને ધન્ય બનાવે છે.

મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં ક્રિયાયોગ નામનો કોઈ નવો યોગ નથી કહ્યો. ક્રિયાયોગ શબ્દપ્રયોગ એમણે ક્રિયાત્મક યોગ અથવા યોગની આચારસંહિતા, સાધનાસંહિતાના અર્થમાં કરેલો છે. યોગમાં જે મહત્ત્વની સાધનાત્મક ક્રિયા—પ્રક્રિયાઓ-



ની આવશ્યકતા છે તે ક્રિયા—પ્રક્રિયાઓ તપ, સ્વાધ્યાય, ઈશ્વર-પ્રણિધાનની અંતર્ગત આવી જાય છે એટલે એ સંયુક્ત સાધના-ત્મક અભ્યાસક્રમને ક્રિયાયોગના નામથી ઓળખાવવામાં આવ્યો છે. યોગની સાધનામાંથી ક્રિયાઓને સાધનાત્મક અભ્યાસક્રમને બાદ કરવામાં આવે તો સાધનાનો કોઈ વિશેષ અર્થ ના રહે. સાધનાનું નામ રહે કિન્તુ કામ ન રહે. શરીર રહે કિન્તુ પ્રાણ ના રહે. એ સંદર્ભમાં ક્રિયાયોગનું મહત્ત્વ ધાર્યા કરતાં ઘણું મોટું છે. આદર્શ ગમે તેટલો ઊંચો હોય પરંતુ એને અનુસરતો આચાર ના હોય તો એ આદર્શ જ રહી જાય અને કોઈનું કલ્યાણ ના કરી શકે. ક્રિયાયોગના સ્વરૂપમાં આચારની એ સુખદ સંહિતાનું દિગ્દર્શન એટલા જ માટે કરાવવામાં આવ્યું છે.

ક્રિયાયોગ સંબંધી સ્પષ્ટતા કરતાં પરમહંસ યોગાનંદે પોતાથી પ્રસિદ્ધ આત્મકથામાં જે કાંઈ લખ્યું છે તેનો સારાંશ આ પ્રમાણે છે. એ ક્રિયાયોગમાં વિશેષ રુચિ રાખતા હોવાથી એનો ઉલ્લેખ ખૂબ જ રસપ્રદ થઈ પડશે.

ક્રિયાયોગનો અર્થ નિશ્ચિત ક્રિયા અથવા સાધનાની મદદથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. એનો શ્રદ્ધાભક્તિ તથા નિષ્ઠા-સહિત આશ્રય લેનારો યોગી કર્મ સંસ્કારો અને કર્મબંધનથી યુક્ત સંસારચક્રમાંથી છૂટી જાય છે.

''ક્રિયાયોગની સીધી સાદી શારીરિક—માનસિક સાધના-પદ્ધતિથી માનવના રક્તમાંથી કાર્બનનું તત્ત્વ દૂર થાય છે અને એમાં ઓક્સિજનનો સારી પેઠે સંચાર થાય છે. ક્રિયાયોગ એક પ્રાચીન સાધનાપદ્ધતિ છે. એનો ઉલ્લેખ ભગવાન કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં બે વખત કર્યો છે. એક વખત આ પ્રમાણે : અપાનને પ્રાણમાં અને પ્રાણને અપાનમાં હોમીને યોગી પ્રાણ

અને અપાનની ગતિને રોકી દે છે. એવી રીતે યોગી જીવન-શક્તિ પર પ્રભુત્વ સ્થાપે છે. બીજી વખતે એમણે જણાવ્યું છે : જે યોગી બાહ્ય વિષયોના સંસર્ગ છોડી દઈને બંને ભ્રમરની મધ્યમાં દૃષ્ટિને કે મનોવૃત્તિને સ્થિર કરી, નાસિકાની અંદર સંચરનારા પ્રાણ અને અપાનની ગતિને સમાન તથા શાંત કરે છે, ઇન્દ્રિયોને, મનને ને બુદ્ધિને વશ કરીને ઇચ્છા-રહિત, ભ્રમરહિત, ક્રોધરહિત બને છે, ને મોક્ષપરાયણ થાય છે, તે યોગી સદા મુક્ત જ છે. એને જીવનમુક્ત બનતાં વાર નથી લાગતી.''

પ્રથમ ઉલ્લેખ ગીતાના ચોથા અધ્યાયના ૨૯ મા શ્લોકમાં અને બીજો ઉલ્લેખ પાંચમા અધ્યાયના ૨૭ મા તથા ૨૮ મા શ્લોકમાં કરવામાં આવ્યો છે.

''ક્રિયાયોગ અથવા એના જેવી જ બીજી કોઇ પ્રક્રિયાને જાણતા હોવાથી સંત પોલ પ્રાણશક્તિના પ્રવાહને બહાર કાઢી શકતા અથવા રોકી શકતા. એથી એવું કહેતા કે ક્રાઇસ્ટના સોગંદ ખાઇને કહું છું કે હું દરરોજ મરું છું.''

''પ્રાણશક્તિને અંતર્મુખ બનાવવાની પ્રક્રિયા સંત પોલ પરમાત્માના પરમચૈતન્યના અલૌકિક આનંદ સાથે પ્રતિદિન સાચો સંપર્ક સાધી શકતા. એ આનંદમય અવસ્થામાં એમને ભાન રહેતું કે પોતે માયામય જગતથી પૂર્ણપણે મુક્ત છે.''

''ક્રિયાયોગ શરીરને દીર્ઘ જીવન અર્પે છે. અને ચેતનનાને અસીમ બનાવે છે. ક્રિયાયોગી તન ને મનનો અધિકાર મેળવી-ને અંતે એના અંતિમ શત્રુ મૃત્યુને પણ મહાત કરે છે.''

''સિદ્ધ ક્રિયાયોગીનું જીવન પૂર્વકર્મોના પરિણામ પ્રમાણે ચાલવાને બદલે આત્માના આદેશ પ્રમાણે જ ચાલે છે. એને



સર્વ વ્યાપકતાની મુક્ત હવાનો સ્વાદ મળે છે. દેહાધ્યાસમાંથી પેદા થતી વિવિધ વાસનાઓથી મન, ઇચ્છાશક્તિ તથા લાગણીઓમાંથી મુક્તિ મેળવીને મનને મેરુદંડમાંની ઉચ્ચ શક્તિઓ સાથે સંબંધ બનાવીને, સૃષ્ટિમાં ઇશ્વરમય બનીને વિહરે છે.''

ક્રિયાયોગના વર્ણનદ્વારા મહર્ષિ પતંજલિએ સૂચવ્યા પ્રમાણે યોગીનું તન, મન, અંતર અલૌકિક બને છે અને યોગી પોતાની અંદર રહેલી તથા બહાર સર્વત્ર વ્યાપેલી પરમાત્માની પરમચેતના સાથે સંપર્ક સાધે છે.

○

મનને સંકલ્પ રહિત કરવું અઘરું છે, તેનામાં ખરાબ સંકલ્પો કે વિચારોને સ્થાને શુભ સંકલ્પો જગાવવાનું પ્રમાણમાં સહેલું છે. — **યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : **૩૧૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

## તા. ૨૧—૧૦—૮૧ બુધવાર, આસો વદ નોમ, ૨૦૩૭, સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.

આજે પૂ. શ્રી આઠ વાગ્યે રોજની જેમ લેખનકાર્ય માટે બેસી જાય છે. લેસ્ટરના પ્રવચનના પ્રસંગોનું લેખન ચાલી રહ્યું છે. શ્રી ભગવાન પરમારને પૂ. શ્રી નવા વરસે એક પત્ર લખવાની વાત સર્વેશ્વરીને કરે છે.

આજે ભોજનમાં દાળ, ભાત, શીરો લેવામાં આવે છે. ભોજન બાદ દરરોજની જેમ આરામ, લેખન વિગેરે ક્રમ રહે છે.

સાંજે છ વાગ્યે પૂ. શ્રી નીચે ઉતરે છે. ત્યારે યજમાન પરિવાર બહારથી આવી ગયો હોય છે. જેથી પૂ. શ્રી થોડી વાર તેમની સાથે દરરોજની જેમ વાતો કરે છે.

ગઈ કાલે પ્રવચન પછી શ્રી અશોકભાઈ પાઠક પોતાનો અનુભવ પૂ. શ્રીને કહે છે. પરમ દિવસે પૂ. શ્રીની મૂવી ફિલ્મ જોઈને પૂ. શ્રીને પ્રણામ કરી તેઓ માર્ગમાં ગાડીમાં બેસીને જવા નીકળ્યા ત્યારની વાત છે. તેઓ કહે છે કે, આપનાથી છૂટા પડી અમે (હું, સુરેશભાઈ પરીખ, અંજુબેન) ગાડીમાં બેઠા. આખાયે રસ્તે તમારી વાતો કરી. મુગટરામ મહારાજની પણ વાતો કરી, ને રામકૃષ્ણદેવની ને તમારી વાતો ફરી શરૂ કરી ત્યાં અમારી ગાડીમાં અલૌકિક દિવ્ય સુગંધ આવવા માંડી. એ સુગંધ ખૂબ સરસ હતી. મેં આજદિન સુધી એવી સુગંધ અનુભવી નથી. એ સુગંધ મને અડધો કલાક સુધી મળી. શરૂ-



આતમાં મેં સુરેશભાઈને ને અંજુબેનને પૂછ્યું તો તેમણે કહ્યું, અમને થોડીક વાર એકાદ—બે મિનિટ સુધી સુગંધ આવી હતી. તો મારે એ જાણવું છે કે દિવ્ય પુરુષોની વાતો થતી હતી તેથી એ શું સૂચવે છે? મને સેન્ટ—અત્તરનો ખૂબ શોખ છે. મેં ઘણી ઘણી જાતનાં અત્તરો વાપર્યાં છે. પણ આ સુગંધ તો કંઈક જુદી જ હતી. એ સુગંધ શાની હતી?

પૂ. શ્રી : તમે જે દિવ્ય પુરુષોની વાતો કરી તેઓ તમારી સાથે ત્યાં હાજર છે, એમ જણાવવા તમને તેમણે તેમની હાજરીનો ખ્યાલ આપવા સુગંધ આપી. દિવ્ય સંતોના શરીર-માંથી એક પ્રકારની અલૌકિક સુગંધ આવે છે. યોગીઓના શરીરમાંથી પણ તેવી સુગંધ નીકળે છે. એટલે તમને સારો અનુભવ થયો ગણાય.

અશોકભાઈ એ વાતથી ખૂબ આનંદમાં આવી ગયા. શ્રી સુરેશભાઈએ પૂછ્યું કે, રામકૃષ્ણદેવની સાથે જે ભક્તો હતા તે બધા અહીં આવી ગયા છે?

પૂ. શ્રી : કેટલાક આવ્યા છે. વડોદરા, મોરબીમાં એવા ભક્તો છે. અમે જેમને ત્યાં વડોદરા ઉતરીએ છીએ તે પણ પૂર્વના ભક્ત જ છે.

સુરેશભાઈ : કોણ? નામ આપી શકો?

પૂ. શ્રી : જીતુભાઈ ગાંધી. કેટલાક વળી નવા પણ છે. પણ આ જૂના છે. અમારી આગળ પણ ખૂબ સેવા કરેલી. અત્યારે પણ અદ્‌ભુત ભાવ છે. ખૂબ સેવાભાવી છે. અરે! એમના પિતાજી પણ ખૂબ સંતપ્રેમી ને સેવાભાવી છે.

શ્રી સુરેશભાઈ પરીખને આ જવાબથી સંતોષ થઈ ગયો.

પૂ. શ્રીને તેઓ 'પ્રભુ' જ કહે છે. વાતો કરતાં કરતાં નીચે આવવાનું બને છે. સૌ વિદાય થાય છે. આજે પણ પૂ. શ્રી છ વાગ્યે નીચે આવે છે. ત્યારે સુરેશભાઇ પરીખ આવી ગયા છે. સુરેશભાઇ શાહ, વિમળાબેન પણ આવી ગયાં છે. આજે અહીં જ પ્રવચન છે. જેથી અજિતભાઇ વિગેરે પણ આવી ગયા છે.

પૂ. શ્રીને કહે છે, ''મહાત્માજી આપને પ્રશ્નો પૂછવા છે. પણ તે સાંસારિક છે, પણ તે મારા સ્વાર્થના પ્રશ્નો નથી. આપની આજ્ઞા હોય તો પૂછું.''

પૂ. શ્રી : ઠાકોરજીને તો દરેક વસ્તુ ધરાવીએ. પછી ઠાકોરજીએ જે ખાવી હોય તે ખાય. તેમ પ્રશ્નો ગમે તે હોય પણ જવાબ આપવા કે નહીં તે સંત જાણે. એ જવાબ આપવાની વાત સંત ઉપર છોડો.

નીચે, પ્રવચનનો સમય થતાં પૂ. શ્રી તે સ્થળે જાય છે. બે ત્રણ બહેનો ભજન ગવડાવે છે. ૧. સખી જોને દેખાડું મારો શામળિયો. ૨. જોજે રે તારી જિંદગી જવાની. ૩. બંગલો કેવો બનાવ્યો? ભજન બાદ પૂ. શ્રી શ્લોક બોલી 'હે જગત્રાતા...' ભજન ગવડાવે છે. ભજન બાદ પૂ. શ્રી કહે છે,

'ગીતામાં અર્જુને પ્રશ્નો પૂછ્યા તો આખીયે ગીતા તૈયાર થઇ. પણ તે પ્રશ્નો કેવી રીતે પૂછાય તે પણ ગીતામાં કહ્યું છે. ગુરુ, સંતને પ્રણામ કરી, નમ્ર બની પ્રશ્ન પૂછો. સંતો જવાબ આપે ન આપે તે સ્વતંત્ર છે. પણ નમ્ર બનીને જ્ઞાની, તત્ત્વદર્શી સંત પાસે જ્ઞાન લેવું. હવે કોઇ પ્રશ્નો છે?'

સર્વેશ્વરી : આજે તો ૪૫ જેટલા પ્રશ્નો લેખીત આવ્યા છે. પૂ. શ્રી : ઓ...હો...હો. એટલા બધા પ્રશ્નો છે? પૂછો.



પ્રશ્ન : સૂક્ષ્મ, સ્થૂળ ને કારણ શરીર એટલે શું? ઉદાહરણ આપી સમજાવશો?

પૂ. શ્રી : ઘણો અઘરો પ્રશ્ન છે. અહીં બેઠેલા શ્રોતાઓનો તો વિચાર કરો!

આ દેહ તે સ્થૂળ શરીર : પંચમહાભૂતનું બનેલું. વધે, ઘટે, જન્મ લે, મરણ પામે.

દેહમાં અંદર રહેલું તે સૂક્ષ્મ શરીર : બહાર કોટ ને અંદર જાકીટ તે સૂક્ષ્મ. મરણ થાય ત્યારે અગ્નિના ગોળા જેવું તે તત્ત્વ બીજે જાય. સિદ્ધ પુરુષો, દેવો, ભૂતપ્રેત આ સૂક્ષ્મ શરીરમાં રહે. જેને ધારે તેને જ તે બતાવી શકે. પ્લેન પણ બદલાય જેમ અમે લંડનથી ન્યૂયોર્ક આવ્યા. ન્યૂયોર્કથી ટોરન્ટો બીજું પ્લેન બદલીને આવ્યા. પણ પ્લેન બદલાયું પણ યોગેશ્વરને બદલે કોઇ ભોગેશ્વર ન આવ્યા, મૂળ જ આવ્યા. એમ સ્થૂળ શરીર બદલાય પણ સૂક્ષ્મ શરીર ન બદલાય.

કારણ શરીર : જે જન્મમરણનું કારણ બને. સંસ્કાર, વાસના, મોહ, રાગદ્વેષ, મમતાનું કારણ બનીને શરીર ધારણ થાય. જેમ કે કોટ એની અંદર જાકીટ ને તેની અંદર બનીયાન.

આત્મા આ ત્રણ શરીર લઇને આવે છે. બોલો હવે, કોઇ પ્રશ્ન છે?

પ્રશ્ન : જૂઠું બોલી શકાય? ક્યારે? કેટલું?

પૂ. શ્રી : બને તો જૂઠું ના જ બોલવું. કોઇનો પ્રાણ બચાવવા બોલો. મનમાં પ્રભુને કહો, 'માફ કરજો.'

પ્રશ્ન : ગીતા વાંચીએ પણ માહાત્મ્યનો પાઠ ન કરીએ તો ગીતાપાઠ નકામો જાય?

પૂ. શ્રી : દાળ, ભાત, શીરો બનાવ્યો. પહેલા તમે શીરો જ ખાઓ તો ભોજન નકામું જાય? એ રીતે ગીતા વાંચો. જ્ઞાન મળશે જ. પછી માહાત્મ્ય વાંચો કે ન વાંચો સરખું જ છે. લાભ તો થશે જ. પાછળથી આ માહાત્મ્ય જોડાયું છે. લોકો સ્વાભાવિક ઇચ્છે કે ગીતા વાંચીએ પણ શું મળે? તો આ લાભ બતાવ્યા. એમ કરતાં પણ લોકો વાંચતા થાય.

પ્રશ્ન : માતાના ઉદરમાં રહેલા જીવાત્માને પોતાના કુકર્મોનું, પૂર્વજીવનનું જ્ઞાન રહે છે ખરું?

પૂ. શ્રી : શાસ્ત્રો કહે છે કે જ્ઞાન રહે છે. પોતાના કુકર્મોનું તેને જ્ઞાન સાથે દુઃખ પણ થાય છે. પ્રભુની ભક્તિ કરી ન શક્યો, હે પ્રભુ! હવે બહાર કાઢો તો તમને જ ભજીશ. આવા સંકલ્પો પણ ઉદરમાં રહેલા જીવ કરતા હોય છે. પણ જેવો જીવ બહાર નીકળે ને એમાં મોહિની શરૂ થઇ જાય છે!

પ્રશ્ન : મા સર્વેશ્વરીના આધ્યાત્મિક અનુભવો સાંભળી ઘણી પ્રેરણા મળી. પણ આપની સેવા માટે તેમને જ કેમ પસંદગી મળી તે કૃપા કરી સમજાવશો?

પૂ. શ્રી : અરે ભાઇ! અમે ટોરન્ટોમાં આવ્યા. અહીં કોઇ સેવા આપનાર ન હોય એવું થોડું જ છે? પેપરમાં જાહેરાત આપીએ તો અહીં બેઠા છે એમાંથી બે—ચાર ભાઇબેનો અમારી સેવા કરવા તૈયાર થઇ જાય. પણ બધાને ત્યાં કંઇ રહેવાય છે? જેનો કણકો ખાવાનો લખ્યો હોય, જેના ઋણાનુબંધ, સંસ્કાર હોય તેને ત્યાં જ રહી શકે. ઘણા જીવો પોતાની ઇચ્છા મુજબ રહી શકતા નથી.

માતાજી મારી સાથે ૩૨ વર્ષ રહ્યાં. કેમ બીજી કોઇ સ્ત્રી ન રહી શકી? તે જીવ ખેડ કરીને આવે છે. તે દરેક જન્મે માતા થઇને જ આવે છે.



મા સર્વેશ્વરી પણ દરેક જન્મે સાથે જ રહે છે. એ જ યોગ આ વખતે પણ ઊભો થયો. જેવી ખેડ કરે તેવી જ તે પ્રવૃત્તિ કરે. મા—બાપ, ભાઇ, બેન સૌ અનુકૂળ. કારણ એ જીવનું પ્રારબ્ધ બળવાન. તો જ અનુકૂળતા મળી રહે ને! કેટલીક બેનો પણ અધ્યાત્મ માર્ગે જાય તો કેટલા બધાને પ્રેરણા મળે. સંત બનવું તે તો કોઇ બડભાગી જીવ જ મીરા જેવા થઇ શકે. એમનાં ગામમાં પ્રવચન માટે જવાનું બને છે. ત્યાં પણ મા સર્વેશ્વરીનું ખૂબ માન છે. એ પ્રભુની કૃપા છે. દરેક જીવ સંસ્કાર લઇને આવે છે. નહીં તો હું તો બહુ કડક મહાત્મા તરીકે જાણીતો છું. (એક બેન, પૂ. શ્રી સાથે રહેવા આવનાર હતા તે પ્રસંગ પૂ. શ્રીએ કહી સંભળાવ્યો. પૂ. શ્રીના ''સંત સૌરભ'' પુસ્તકમાં સમર્પિતાબેનનો લેખ છે.)

પ્રશ્ન : મા સર્વેશ્વરી, માતાજી જ્યોતિર્મયીનું સ્થાન કેવી રીતે લઇ શક્યા?

પૂ. શ્રી : એ એક પ્રસંગ (કપૂરામાં અર્ધી રાત્રે થયેલો અદ્ભુત અનુભવ, દક્ષિણેશ્વરની દેવીનો) કહી સંભળાવી વિસ્તૃત રીતે સમજ આપી.

પ્રશ્ન : બાધાઓ રાખી શકાય? એ અંગે આપ શું માનો છો?

પૂ. શ્રી : બાધાઓ રાખી શકાય. કોઇ વાર ફળે. કોઇવાર ના પણ ફળે. કર્મસંસ્કારો એવા હોય તો ના પણ ફળે. બાધા રાખવાનો સૌને અધિકાર છે. કેટલીક વાર બાધાથી દુઃખ દૂર થાય. કેટલીકવાર હળવું થાય. કેટલીકવાર શૂળીનો ઘા સોયથી પણ જતો રહે. એ શ્રદ્ધાનો વિષય છે. (ભાથીખત્રી મહારાજ, સરોડાની વાતો કરે છે.) બાધામાં કોઇ વસ્તુનો ત્યાગ કરાય

છે. તો તે ત્યાગ પ્રિય વસ્તુનો હોવો જોઈએ. તે ત્યાગ પ્રેરણા આપે તેવો હોવો જોઈએ.

નવ વાગી ગયા હોવાથી પૂ. શ્રીએ કહ્યું, 'હવે, મા સર્વેશ્વરી એક ભજન ગાશે. પછી શાંતિપાઠ થશે.'

સર્વેશ્વરીએ 'યોગેશ્વર માવડી રે...' ભજન ગાયું. ત્યારબાદ શાંતિપાઠ થયો. આરતી થઈ. 'ૐ જય નિર્ગુણરાયા, પ્રભુ જય નિર્ગુણરાયા.' આરતી બાદ પ્રસાદ વિતરણ થયું. સૌ વિદાય થયા.

આજે પૂ. શ્રીએ ચેવડો વિગેરે લીધું. દૂધ પીધું. થોડીવાર શ્રી સુરેશભાઈ, વિમળાબેન સાથે બેઠા. વાતો થઈ. જેમાં પૂ. શ્રીના ભોજનની ચર્ચા થઈ. જેમાં શ્રી જીતુભાઈ, કુંદનબેનનો સેવાભાવ પૂ. શ્રીએ યાદ કર્યો. 'કેટકેટલા પ્રેમથી વિવિધ વાનગીઓ બનાવે, તેની વાતો થઈ. તેઓ પોતે પૂર્વથી સંકળાયેલા છે. તમે રામકૃષ્ણદેવનું જીવન વાંચ્યું હશે. તેમાં ઘણાં ભક્તો આવે છે. તેમાંના એક આ જીતુભાઈ છે.' વિગેરે વાતો થઈ.

પૂ. શ્રીએ ઉપર જઈ આરામ કર્યો. સર્વેશ્વરીએ માતાજીની માંદગીની વાતો કરી પાછળથી ઉપર ગયાં. આરામ કર્યો. આજે કેનેડાની ધરતી ઉપર ૧૬ દિવસ પૂરા થયા. આ પરિવાર વચ્ચે અજાણ્યું લાગતું નથી. એટલે ૧૬ દિવસ તો પાણી વેગે વહી ગયા તે સમજાયું નહીં!

હરિઃ ૐ, હરિઃ ૐ, હરિઃ ૐ.

○



# 'સર્વમંગલ' પુસ્તકનું વિમોચન

ડો. બી. જે. જાગાણી

શ્રી અરુણિકા દરૂના હસ્તે કપૂરામાં 'મા' સર્વેશ્વરી સંનિધિપર્વ નિમિત્તે આયોજિત સ્નેહયજ્ઞમાં તા. ૨૭–૧૨–૨૦૦૩ ના રોજ પૂ. માની ઉપસ્થિતિમાં 'સર્વમંગલ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. પૂ. શ્રીના ૧૭ ગ્રંથોનું અધ્યયન કરી આ પુસ્તકનું લેખન શ્રી અરુણિકા દરૂ અને શ્રી મનોજભાઈ દરૂએ કર્યું. આ પુસ્તકમાં કુલ ૫૦ જેટલા વિવિધ શીર્ષકો હેઠળ પૂ. શ્રીના લેખનનો અર્ક આપવામાં આવ્યો છે. પ્રાર્થના, બ્રાહ્મમુહૂર્ત, સાચી રક્ષા, ઈશ્વરની કૃપા, ઈશ્વરમાં આસક્તિ, આશા, પ્રભુસ્મરણ, ધ્યાન, નામ અને નામી, ચિંતન કરો, પ્રેમ અને શ્રદ્ધાની શક્તિ જેવી અધ્યાત્મ જગતની દિશાઓ ખોલનારી બાબતો પર સંક્ષેપમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. સંસારના થાકને ઉતારવા ને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા આ 'સર્વમંગલ' પુસ્તકનું દૈનિક વાચન, પઠન, મનન ને નિદિધ્યાસન સાધકોને ખૂબ ઉપયોગી થશે.

પૂ. માએ આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે સંદેશો લખ્યો છે.

''પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના વિશાળ વાઙ્મયમાંથી માત્ર ૧૭ ગ્રંથોનું જ અધ્યયન કરીને આ 'સર્વમંગલ'નું સર્જન થયું છે. સંપાદન કાર્ય શ્રી અરુણિકા દરૂ, શ્રી મનોજ દરૂએ શ્રદ્ધાભક્તિથી વિનાવિલંબે પૂર્ણ કર્યું છે, એમનો પરિશ્રમ અભિનંદનીય છે. ભવિષ્યમાં પણ પૂ. શ્રીના સાહિત્યમાંથી આવી સર્વમંગલની અનેક પ્રસાદી એમના હાથે મળતી રહો.

પચ્ચીસ વર્ષથી ઉત્તમ આરોગ્ય ને અનન્ય શ્રદ્ધાભક્તિને

સમર્પિતભાવ સાથે 'અધ્યાત્મ'ના તંત્રીપદે સેવાની ધૂણી ધખાવી બેઠેલા શ્રી નારાયણભાઇ જાની સાચે જ એક નવયુવાન જેવી સ્ફૂર્તિ ને શક્તિ ધરાવે છે. સેવાથી જાણે તેઓ ગુરુભક્તિ કે ગુરુનું ઋણમુક્તિનું એક મંગલપર્વ ઉજવી રહ્યા હોય એવું લાગે છે. એમની સેવા 'અધ્યાત્મ'ના વાચકો માટે વંદનીય છે. શ્રી નારાયણભાઇની ઇચ્છા હતી કે 'અધ્યાત્મ'ના વાચકોને એક ભેટ પુસ્તક આપીએ. ગુરુદેવ પ્રભુએ તે આ રીતે પૂર્ણ કરી છે.

અને 'એકાદ ગ્રંથની તો મુદ્રણ સેવા આપો' એવી પ્રાર્થના-નો પણ આ પ્રત્યુત્તર છે. પચ્ચીસ વર્ષથી 'અધ્યાત્મ' માસિકને અતિનિયમિત રીતે પ્રગટ કરવાની સેવા પણ જેમની સાધના જ છે એવા શ્રી રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના સફળ સુકાની સમર્પિત ભક્ત સાધક બંધુઓ પણ વિશેષ અભિનંદનીય છે. એમનું પ્રેસ જાણે સાહિત્યમંદિર છે. એમની પ્રાર્થના સામે એ પ્રેસને જ અધ્યાત્મના ભેટ પુસ્તકની મુદ્રણ સેવા મળે તે પણ એક મંગલ યોગ છે.

ત્રિવેણીપર્વે આ 'સર્વમંગલ'નું પ્રકાશન પ્રસાદ તરીકે થઇ રહ્યું છે. સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રસાદ વિતરણનો આ પ્રથમ પ્રયાસ છે. આપણે ઇચ્છીએ કે દર વરસે ટ્રસ્ટ એક ભેટ પુસ્તક પ્રસાદરૂપે ધરતું રહે.

આ ગ્રંથનો પ્રકાશન ખર્ચ ન્યુજરસીના શ્રી સર્વેશ્વરી સત્સંગ કેન્દ્રના ભક્તોએ ઉપાડ્યો છે. તેમની એ સેવાને અભિનંદન.

પ્રકાશનના પુનિત પર્વે શ્રી ગુરુદેવ પ્રભુના ચરણકમળમાં પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.''

શ્રી નારાયણભાઇ જાનીએ આ પુસ્તકનો આવકાર આપેલ છે. જે પુસ્તકનો હેતુ, પુસ્તકનું વિષયવસ્તુ અને સહયોગીઓ અંગે સ્પષ્ટતાઓ આપે છે.



"'સર્વમંગલ' પુસ્તિકાને અધ્યાત્મના ગ્રાહકોને ભેટ તરીકે પ્રકાશિત થતી જોઇ અમે આનંદ અનુભવીએ છીએ.

અધ્યાત્મ માસિક ઓક્ટો. ૨૦૦૩ માં તેના પ્રકાશનના પચ્ચીસમાં વર્ષમાં પ્રવેશ્યું છે એટલે આ તેનું સીલ્વર જ્યુબીલી વર્ષ છે.

આજના સતત વધતા જતા ભાવોના યુગમાં માસિકને આટલી નજીવી કિમ્મતે એકધારું ૨૫ વર્ષ સુધી ચલાવવું તે ખરે જ અતિ મુશ્કેલ કામ છે. પરંતુ જે કાર્યમાં કોઇ સંત કે પ્રભુનો સહારો હોય તો તે અસંભવિત કામ પણ સંભવિત બની જાય છે. અધ્યાત્મ તેનો પૂરાવો છે. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી જીવનની પાછલી વયનાં ૨૫ વર્ષ લગી એકધારું કાર્યશીલ રહી શકાયું, તે જ મારે માટે આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આ ગાળા દરમ્યાન આવેલ અને કસોટીરૂપ મુશ્કેલીઓ જેવી કે પરદેશગમન, અંગત તેમ જ પત્નીની માંદગી, પત્ની તેમ જ આપ્તજનોના સ્વર્ગવાસ છતાય અધ્યાત્મના પ્રકાશનમાં કદી કોઇ ઢીલાશ ના આવી, અંકો નિયત તારીખે જ પ્રસિદ્ધ થતા રહ્યા, તે પૂ. ગુરુદેવ તેમ જ પૂ. માની કૃપા સિવાય શક્ય જ ના બની શક્યું હોત.

છેલ્લા કેટલાક વર્ષોના પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરદેશના ભક્તોના સહયોગ વિના આર્થિક રીતે ટકી રહેવું અતિ મુશ્કેલ બન્યું હોત. તે બદલ પૂ. મા તેમ જ વિદેશના એ સહુ ભાઇબહેન અભિનંદન-ના અધિકારી છે.

"સર્વમંગલ" એ ભલે નાની પુસ્તિકા હોય, પરંતુ જીવનને ઉન્નત ને પ્રભુપંથી બનાવવાની તેની ક્ષમતા "શ્રીમદ્ ભગવદ્-ગીતા" કરતાં સહેજ પણ ઓછી નથી; કારણ કે તેમાં પૂ.

ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની આધ્યાત્મિક સાધનાના સારરૂપ નવનીત ભરેલું છે. તેથી તેનું નિત્ય વાચન, મનન ને અનુશીલન કોઈ પણ માણસને સુવિચારો અને ભાવોનું ભાથું પૂરું પાડવાની ઉત્તમ ક્ષમતા ધરાવે છે. ભલેને પછી એકાદ જ ભગ્નહૃદય માનવ તેમાંથી પ્રેરણા લઈ અર્જુનની જેમ જીવન સંગ્રામ લડવા ઊભો થઈ જતો. આમ થશે તોપણ તેના પ્રકાશન પાછળનો અમારો પુરુષાર્થ સાર્થક લેખાશે.

અમેરીકાના ન્યુજર્સી ધ્યાન કેન્દ્રના જે ભાઈબહેનોએ આ પુસ્તિકાના પ્રકાશનનો ખર્ચ ઉઠાવ્યો છે, તે સહુ પ્રભુકૃપાના અધિકારી બનો તેવી મંગલ ભાવના સાથે વિરમું છું.''

સર્વેશ્વરી સત્સંગ કેન્દ્ર, ન્યુજર્સી, યુ. એસ. એ.ના સહયોગી ભાઈબહેનોની યાદી આ મુજબ છે.

| | |
|---|---|
| શ્રી વિનોદભાઈ—શ્રી સરોજબેન | શ્રી સુતરીયા—શ્રી મધુબેન |
| શ્રી સુશીલાબેન ભક્ત | શ્રી શોભનાબેન પટેલ |
| શ્રી અમૃતભાઈ—શ્રી ઇન્દિરાબેન | શ્રી વિનોદભાઈ—શ્રી નૂતનબેન |
| શ્રી રમણભાઈ—શ્રી ભાનુબેન | શ્રી સંજયભાઈ—શ્રી વિણાબેન |
| શ્રી બિપીનભાઈ—શ્રી ઉર્મિલાબેન | શ્રી રાજુભાઈ—શ્રી ઉપાસનાબેન |
| શ્રી નરેન્દ્રભાઈ—શ્રી ધીરજબેન | શ્રી વિપુલભાઈ—શ્રી કેતનાબેન |
| શ્રી રતિભાઈ—શ્રી શારદાબેન | શ્રી પીયૂષભાઈ—શ્રી મોનિકાબેન |
| શ્રી બાબુભાઈ—શ્રી મનીષાબેન | શ્રી કેતનભાઈ—શ્રી નૃપાબેન |
| શ્રી ઠાકોરભાઈ—શ્રી હેમલત્તાબેન | શ્રી તાપસભાઈ—શ્રી અમીશાબેન |
| શ્રી ભોગીભાઈ—શ્રી પદ્માબેન | શ્રી કમલેશભાઈ—શ્રી પારૂલબેન |
| શ્રી ગોવિંદભાઈ—શ્રી સુશીલાબેન | શ્રી પ્રશાંતભાઈ—શ્રી હિરલબેન |
| શ્રી હેમંતભાઈ—શ્રી અશુંબેન | શ્રી દેવાંગભાઈ—શ્રી અર્પિતાબેન |
| શ્રી ચંદ્રકાંતભાઈ—શ્રી અનસૂયાબેન | શ્રી ભારવી પટેલ |
| શ્રી વિનોદભાઈ—શ્રી કોકીલાબેન | શ્રી મનીષા પટેલ |
| શ્રી વિજયાલક્ષ્મીબેન દલાલ | શ્રી પ્રેરણા પટેલ |
| શ્રી કમળાબેન પટેલ | |



# સાધનાનું રોજિંદા જીવનમાં સ્થાન

પૂ. યોગેશ્વરજી

(૧)

સાધનામાં—અલબત્ત, આત્મવિકાસની સાધનામાં, નીતિનાં મૂળ તત્ત્વોનું અનુષ્ઠાન, દૈવીસંપત્તિની ખિલવણી, અથવા તો ચારિત્ર્યશુદ્ધિ, બહુ જ મહત્ત્વનો ભાગ ભજવે છે એ વાત જેટલી વધારે વાર યાદ કરવામાં આવે એટલી જ લાભદાયક છે. ચારિત્ર્યશુદ્ધિ અથવા તો દૈવીસંપત્તિની ખિલવણીને સર્વ પ્રકારની સાધનાનો પાયો કહી શકાય, એના પર સાધનાની આગળની સુદૃઢ ઈમારતનો ઘણો આધાર રહે છે. નીતિમય વિશુદ્ધિ જીવન જીવવું એટલે માનવતાથી સંપન્ન બનવું. સાધનામય જીવન એના વિના ફાલીફૂલી નથી શકતું. છતાં માણસો એના પ્રત્યે દુર્લક્ષ સેવતા જોવામાં આવે છે. એમની સાધનાની સફળતામાં એ વસ્તુ ભારે અંતરાયરૂપ બનતી હોય છે. તોપણ કેટલીક વાર જ્ઞાત રીતે અને કેટલીક વાર અજ્ઞાત રીતે માણસો માનવતાના ગુણો કેળવવાની ઉપેક્ષા કરતા હોય છે. માણસ યોગી બને, ભક્ત બને કે તત્ત્વજ્ઞ બને, પરંતુ તે માનવ મટી જાય તો શા કામનું? જો તે આદર્શ માનવના ગુણધર્મોથી યુક્ત ન હોય અને બનવાની કોશિશ પણ ન કરતો હોય, તો તેવું યોગીપણું, ભક્તપણું કે તત્ત્વજ્ઞપણું તેનું ભાગ્યે જ કલ્યાણ કરી શકે. સાધક કે સિદ્ધ થવું એટલે માનવ મટી જવું નથી, પરંતુ આદર્શ માનવ થવું એ છે, એ ખાસ યાદ રાખવાનું છે. માણસે સાચા માણસ થવાની, પૃથ્વીપર સાચા માણસ

તરીકે શ્વાસ લેવાની ને વર્તવાની સૌથી પહેલી, છેલ્લી અને અનિવાર્ય આવશ્યકતા છે એ વાત ભૂલવા જેવી નથી. સાધના એ આદર્શની સ્મૃતિ કરાવે છે. એટલું જ નહિ, પરંતુ એ માટેની તાલીમ આપે છે. આદર્શની વિસ્મૃતિ કરનારની સાધના નિષ્પ્રાણ થશે અને કેવળ અલંકાર કે બોજો બની જશે.

●

માણસને આજે આદર્શ માનવ થવાની સાધનાની સૌથી વધારે જરૂર છે એ વાતનો સ્વીકાર શું તમે નથી કરતા? માણસ તરીકે કેમ જીવવું, રહેવું, વર્તવું, બોલવું ને ચાલવું તેની તાલીમ તેણે ખાસ લેવાની છે. આજે બધે નજર નાખતાં શું જણાય છે? નીતિ, સદાચાર, દૈવી સંપત્તિ અથવા તો માનવતાના પાયા હલી ઊઠ્યા છે અને વધારે ને વધારે હલતા જાય છે. સમાજના સઘળા સ્તરોમાં આ વસ્તુ સ્વાભાવિક કે સર્વવ્યાપક બની ગઇ છે. એના જેવું કરુણ બીજું કશું જ નથી. એટલે પોતાની ને બીજાની સુખાકારી માટે માણસે નીતિમાન થવાનું છે. જીવનનાં બધાં ક્ષેત્રોમાં પવિત્રતા તથા પ્રામાણિકતાનો આધાર રાખવાનો છે. સદ્‌વિચાર, સમ્યક્ દર્શન અને સદાચારના હલી ઊઠેલા પાયાને મજબૂત કરવાના છે. બીજી સાધનાઓ ભલે થાય પરંતુ એ સાધના ધ્યાન બહાર ન રહી જાય એ ખાસ જોવાનું છે. કેમ કે માનવ પાસે બધું હશે પરંતુ માનવતા જ નહિ હોય, ખુદ માનવતાનો જ મૃત્યુઘંટ વાગી જશે, તો તે બધાનો શો અર્થ? તે બધું તેને શાંતિ નહિ આપી શકે અને તેના જીવનને જીવન પણ નહિ બનાવી શકે. દેશને આજે ચારિત્ર્યશુદ્ધિની સાધનાની અનિવાર્ય આવશ્યકતા છે. દેશની ભૌતિક સંપત્તિ વધતી જાય તે જેમ દેશની રક્ષા તેમ જ સુખાકારી અને



સુદૃઢતા માટે આવશ્યક છે, તેમ પ્રજાનું ચારિત્ર્યબળ વધતું જાય એ પણ એટલું જ, બલકે એથીય વધારે આવશ્યક છે. દેશની સમૃદ્ધિ કે સુખાકારીનો મુખ્ય આધાર એના પર રહે છે. વ્યક્તિગત રીતે પણ જ્ઞાન, ભક્તિ, યોગ કે બીજી સાધનાની પ્રવૃત્તિમાં રસ લેનારે દૈવી સંપત્તિની અભિવૃદ્ધિ કરીને જીવનને સત્ય, પવિત્રતા, પ્રેમ ને સેવાપરાયણ કરવાની જરૂર છે. એની તરફ આંખમીંચામણાં થશે તો સાધનાનો સાચો સ્વાદ નહિ મળી શકે. સાધના કોઇ શોખ નથી : દિલ બહેલાવવાની પ્રવૃત્તિ નથી : વખત વિતાવવાનું સાધન પણ નથી : તે તો ભૂખ છે : તરસ છે : લગન છે. મુક્ત અને પૂર્ણ જીવન માટેની અભીપ્સા છે : એ અભીપ્સાને પૂર્ણ કરવા માટેનો પુણ્યમય પ્રયાસ છે. સ્વભાવનું, ટેવોનું અને સમસ્ત વ્યવહારનું શુદ્ધિકરણ અને ઊર્ધ્વીકરણ કરાવનારી પ્રવૃત્તિ છે. એ સમસ્ત જીવનમાં ભળી જાય છે, તથા જીવનને નવો આકાર, ઓપ ને રસ પ્રદાન કરે છે.

●

કેટલાક માણસો માને છે તેમ, સાધના કલાક—બે કલાક આસન પર બેસવા જેટલી મર્યાદિત નથી. અનુકૂળ સમયે સત્સંગ કરવામાં પણ એની પરિપૂર્ણતા નથી થતી. આરંભને માટે એ બધાં વિધિવિધાનો બરાબર છે; પરંતુ પાછળથી તો સાધના કલાક—બે કલાક પૂરતી કે અમુક દેશકાળ પૂરતી મર્યાદિત રહેવાને બદલે સમસ્ત જીવનમાં, જીવનના પ્રત્યેક વ્યવહાર ને પાસામાં મળી જાય છે. સર્વ પ્રકારના દેશકાળ કે સંજોગોમાં થતી રહે છે અને જીવનની સાથે તાણા ને વાણાની પેઠે વણાઇ જઇને જીવનનું એક અવિભાજ્ય અંગ બની જાય છે. જીવનની પ્રત્યેક વૃત્તિ તથા પ્રવત્તિમાં એની અસરનું દર્શન

થાય છે. માણસો સાધના કરતી વખતે અને સ્વાધ્યાય કે સત્સંગ કરતી વખતે જુદાં દેખાય છે; એ વખતે શાંતિ તથા સાત્ત્વિકતાથી સંપન્ન લાગે છે; પરંતુ સાધના, સ્વાધ્યાય કે સત્સંગમાંથી ઊઠીને વ્યાવહારિક જીવનમાં પડે છે ત્યારે તેમનું સ્વરૂપ બદલાઇ જાય છે, તેમના રૂપરંગમાં ફેર પડે છે અને તે જુદી જ જાતનો અભિનય કરવા માંડે છે. એ અભિનયને યથાર્થ માનીને એના સમર્થનમાં એ દલીલો પણ કરતા હોય છે. એ અભિનય દરમિયાન એ અહંકાર, દંભ, છળકપટ, અનીતિ અને કામ-ક્રોધને પણ વશ થતાં હોય છે.

●

એવી રીતે માણસના વ્યાવહારિક જીવન અને સાધનામય જીવન (જો એને સાધનામય જીવન કહી શકાતું હોય તો) વચ્ચે ઊંડી ખાઇ દેખાય છે. એના વિચાર અને આચારમાં અથવા વાણી અને વર્તનમાં એકવાક્યતા નથી દેખાતી. એક બાજુ એના પૂજાપાઠ ચાલે છે, જપતપ થયા કરે છે, દેવદર્શન, કથાશ્રવણ, પ્રવચન ને સંકીર્તન ચાલે છે; આસન, પ્રાણાયામ તથા ધ્યાન જેવો યોગાભ્યાસ થતો હોય છે; ગીતા, રામાયણ, ભાગવત જેવાં પુસ્તકોનું પારાયણ થાય છે અને સંતસમાગમ તથા તીર્થાટનની પરંપરા ચાલે છે, તો બીજી બાજુ એની સાથે સાથે અનૃત, અન્યાય અને અનીતિનો આધાર પણ લેવાતો હોય છે; દુર્ગુણો, વ્યસનો ને દુર્વ્યવહારો પણ પોતાનું કામ કરતા હોય છે. જે સાધના કે સ્વાધ્યાય કરવામાં આવે છે તેનાથી જીવનમાં ક્રાંતિ નથી થતી : સ્વભાવની શુદ્ધિ નથી સધાતી : સાધના તેમ જ વ્યવહાર વચ્ચે આકાશપાતાળનું અંતર રહે છે : ઉત્તર ધ્રુવ ને દક્ષિણ ધ્રુવ જેટલું છેટું રહે છે. બંનેના



માર્ગ જુદા પડે છે, જુદી દિશામાં આગળ વધે છે, અને કદી ભેગા નથી થતાં.

●

વ્યવહાર અને સાધના અથવા તો આચાર અને વિચાર વચ્ચેનો આ સંબંધવિચ્છેદ ભારે કરુણ છે, ક્લેશકારક છે, અશાંતિદાયક છે, અને સાધકને માટે મોટામાં મોટી સમસ્યારૂપ છે. એ સમસ્યાનો ઉકેલ કરવો જ જોઇએ. સાધકનો વિચાર અને આચાર અથવા તો આદર્શ ને વ્યવહાર એકરૂપ થઇ જવો જોઇએ. આત્મિક જીવન અને વ્યાવહારિક જીવનનો સમન્વય સધાવો જોઇએ. તેમની વચ્ચેનો ભેદ દૂર થવો જોઇએ. એ ભેદનું કારણ મનની નબળાઇ, જીવનની શુદ્ધિના આગ્રહનો અભાવ કે બીજું ગમે તે હોય, તેને તપાસીને દૂર કરવું જોઇએ. સાધકને માટે એ અત્યંત અનિવાર્ય છે.

●

અને સાધકને માટે જ શું કામ? આચાર અને વિચાર અથવા તો આદર્શ અને વ્યવહારની વચ્ચેના ભેદભાવની આ સમસ્યા માનવમાત્રની સમસ્યા છે. આજના સંસારની એ એક મહત્ત્વની મૂંઝવણ છે, નબળાઇ છે કે ખૂટતી કડી છે. એ નબળાઇને લીધે માનવનું જીવન બે પૃથક્—પૃથક્ પ્રવાહોમાંથી વહી રહ્યું છે. એને લીધે એના જીવનમાં શાંતિ નથી, સ્થિરતા નથી, દીપ્તિ નથી, સંતૃપ્તિ નથી અને એની દશા હાથીના જેવી થઇ ગઇ છે. હાથીના બે દાંતની જેમ એના પણ દેખાડવાના ને ચાવવાના દાંત જુદા છે : કહેવાની વાત એક છે અને કરવાની જુદી છે. આ કરુણ પરિસ્થિતિનો અંત આણ્યે જ છૂટકો છે. સાધના એમાં સહાયભૂત બનશે, ઉપયોગી સાબિત થશે.

જેમના જીવનમાં આદર્શ અને વ્યવહાર અથવા તો વિચાર અને વર્તનના ગજગ્રાહનો અંત આવ્યો છે, તે આત્માઓ સાચે-સાચ ભાગ્યશાળી અને મહાન છે. તેમનાં જીવન કૃતાર્થ તથા શરીરધારણ સફળ છે. જીવનનો સાચો સ્વાદ અને આનંદ તેમને મળી ચૂક્યો છે. સ્વસ્થતા તથા શાંતિ સદાને માટે પ્રેરણા-સ્પદ સાબિત થાય છે. તેમના મનમાં છે તે જ તેમની વાણીમાં અને તેનો જ અનુવાદ તેમના વર્તનમાં જોવા મળે છે. તેમની બુદ્ધિ તથા તેમના વ્યવહાર વચ્ચે કોઇ સંઘર્ષ નથી હોતો. કેટલું બધું ધન્ય જીવન! જીવનની એવી ધન્યતા કે કૃતાર્થતા સૌ કોઇ મેળવી શકે છે. પોતાને માટેના એવા ઉત્તમોત્તમ ભાગ્યનું નિર્માણ સૌ કોઇ કરી શકે છે. કેમ કે સાધનાનો માર્ગ અને એ માર્ગે મુસાફરી કરીને જીવનનો મંગલમય વિકાસ કરવાનો અવસર પ્રત્યેકને માટે ખુલ્લો છે. પ્રત્યેકની પ્રતીક્ષા કરતો ઊભો છે : પ્રત્યેક તે માટે કૃતસંકલ્પ થઇને તેનો લાભ લે એટલું જ. એક માણસ મહાનતાના મેરુશિખર પર આરૂઢ થઇ શકે છે તેવી રીતે, તેવા નિશ્ચયબળ અને પુરુષાર્થનો આધાર લઇને, બીજો કોઇ પણ માણસ થઇ શકે છે.

●

આટલી ચર્ચાવિચારણા પછી, સાધનાત્મક જીવન અને વ્યાવહારિક જીવન બંને સીધી અને લાંબી લીટીના જેમ કદી ન મળે તેવી વસ્તુઓ નથી, તેની પ્રતીતિ તો થઇ જ ચૂકી હશે. તેમનો સમન્વય કરવાની ઇચ્છા ન થતી હોય કે તેવો સમન્વય ન જ કરી શકતા હો, તો તે તમારી નિર્બળતા છે. બાકી તેમનો સમન્વય નથી થઇ શકતો એમ નથી માનવાનું. તમારી શક્તિ અનંત છે, અસીમ છે, અમાપ છે અને અખૂટ છે. તમે તેનો સાક્ષાત્કાર નથી કર્યો એટલું જ. તે શક્તિનો પરિચય કરો



એટલી જ વાર છે. તમારી અંદર જે અગાધ સામર્થ્યનો ભંડાર છે તેને તમે ખુલ્લો કરો તો એની મદદથી એવાં અવનવાં અસાધારણ કાર્યો કરી શકશો જે તમને તો વિસ્મિત કરશે જ, પરંતુ બીજાને પણ વિસ્મયમાં નાખી દેશે. તમારી અંદર આત્મ-બળનો પ્રખર પ્રવાહ છે. એ પ્રવાહને પ્રકટ કરીને યોગ્ય દિશામાં વાળો તો જેવો ધારશો તેવો વિકાસ કરી શકશો. તમારે માટે કશું પણ અશક્ય નહિ રહે. આજ સુધી કેટલાય લોખંડી શ્રદ્ધાસંપન્ન, મજબુત મનોબળવાળા માણસોએ આત્મવિકાસની અનેક વિધ સિદ્ધિ કરીને શાંતિ મેળવી છે, તો તમે પણ કેમ નહિ મેળવો?

(૨)

સાધનાને રોજિંદા જીવનમાં કેવી રીતે ચરિતાર્થ કરી શકાય અથવા તો રોજના વ્યાવહારિક જીવનને સાધનાપરાયણ બનાવી-ને સાધનામય કેવી રીતે બનાવી શકાય, તે કળાને જાણી લેવી જોઇએ. એ કળાને જાણી લેવાથી વ્યવહારની નાનીમોટી પ્રવૃત્તિઓ રસમય બનશે, સાધનામય થશે, ને વિકાસમાં મદદ કરશે. એ કળા મોટાભાગના માનવસમુદાયને માટે ખાસ ઉપ-યોગી છે. કારણ કે મોટાભાગના માનવસમુદાયને વનમાં નહિ પણ ઘરમાં રહેવાનું છે, અને બાહ્ય રીતે જોતાં નિવૃત્તિમય નહિ પરંતુ પ્રવૃત્તિમય જીવન જીવવાનું છે. એને વ્યવહાર સાથે જ વધારે કામ પડવાનું છે. એટલે વ્યવહારને સાચવીને, પ્રવૃત્તિનો ત્યાગ કરવાને બદલે પ્રવૃત્તિ કરતાં–કરતાં નિવૃત્તિનો આનંદ લેવાનું, અને પ્રવૃત્તિને જીવનવિકાસના સાધનરૂપ બનાવવાનું શાસ્ત્ર જ એમને માટે શ્રેયસ્કર થઇ શકશે. એ દૃષ્ટિએ જો સાધનાનો વિચાર કરવામાં આવે તો કાંઇ ખોટું નથી. ઊલટું, અભિનંદનીય અથવા આવકારદાયક છે. (ક્રમશઃ)

# જ્યોતિર્મયી માતાજીના જન્મદિવસની ઉજવણી

આશિષ ગોહિલ

સ્વર્ગારોહણતીર્થમાં ૧૬૦ જેટલા સાધક ભાઈબહેનોએ પૂ. માની ઉપસ્થિતિમાં વિશિષ્ટ રીતે જ્યોતિર્મયી માતાજીના જન્મ-દિવસની ૨૭–૧૦–૦૩ ના રોજ ઉજવણી કરી.

સંકીર્તન સાથે રાત્રે ૮.૨૫ કલાકે પૂ. શ્રી અને પૂ. માતાજીના સ્વરૂપોને ૬ ખુરશીઓ પર પધરાવવામાં આવે છે. મેદાનમાં આ ખુરશીઓ છે. ખુરશીપરના સ્વરૂપની એક બાજુ સાધક બહેનો છે. બીજી બાજુ ભાઈઓ છે. વચ્ચે પૂ. મા સાધકોને સૂચના આપે છે. સૌ મંત્રગાન કરે છે. પ્રત્યેક સાધક-ના હાથમાં એક દીવો છે. આ દીવાઓ એક સાથે પ્રગટાવવામાં આવે છે. કોઈ મહાન વિભૂતિ અવતરી રહી હોય એવું. જ્યોતિર્મયી માતાજીના સોમાં જન્મદિને ઉજવણી માટે પૂ. મા કરી રહ્યાં છે. દરેક સાધક દીવાને હાથમાં લઈને બે–બેની જોડીમાં આ સ્વરૂપોની પ્રદક્ષિણા 'દેવીક્ષમાપન સ્તોત્ર' ગાતાં ગાતાં ત્રણ વખત કરે છે. ત્રણ વખત શાંતિમંત્ર કરે છે. પોતાના સ્થાનેથી ત્રણ પ્રણામ કરે છે. આ બધું પૂ. માની સૂચનાથી થઈ રહ્યું છે. પૂ. મા પણ થયેલા અપરાધોની ક્ષમા માગવા સ્લેટ પર લખે છે જે દરેક સાધકને ઉપયોગી થાય તેવું છે.

'આપણે આજે જ પ્રદક્ષિણાની વાતો સાંભળી. અહીં બેઠેલા સૌ કોઈ નાના મોટા અપરાધો તો રોજ–રોજ કરતા હશે. જેમ કે ચાલીએ તો જાણ્યે–અજાણ્યે કેટલા બધા જીવજંતુઓ મરતા હોય છે. બસમાં, રીક્ષામાં, ગાડીમાં, શાકભાજીમાં, ફળોમાં,



દૂધમાં રહેલા જીવોની હિંસા થતી હોય છે. આજે આપણા ગુરુદેવ અને માતાજી સમક્ષ એ અપરાધોની ક્ષમા મનથી માગીશું. આજ સુધી જેટલા યાદ હોય એટલા અપરાધોની ક્ષમા પ્રભુ પાસે માગીશું. અને એને માટે આપણે બે–બેની લાઈનમાં પ્રદક્ષિણા કરીશું અને સાથે 'દેવી ક્ષમાપન સ્તોત્ર' ગાઈશું.'

જે દેવી સમક્ષ 'ક્ષમાપન સ્તોત્ર' ગાવાનું છે તે દેવી(પૂ. મા)ની ઉપસ્થિતિ છે. સાધકોના પાપોમાંથી મુક્તિ દેનારી માની ઉપસ્થિતિ હોય ને આ સ્તોત્ર ગવાતું હોય ત્યારે 'તુલસીદાસ ચંદનઘસે તીલક કરે રઘુરાય'ની સાખી યાદ આવે અને એ પ્રસંગમાં ઉપસ્થિત રહેવાનું ગૌરવ મળે છે. પૂ. માએ સૌની ભૂલોને ક્ષમા અપાવી–આપી. પૂ. માની આ લીલાનો જય જયકાર હો.

રાત્રે જયુબેને મીરાબાઈ, તુકારામ, સાંઈબાબા, સંત જ્ઞાનેશ્વર, જનાબાઈ, ભગવાન બુદ્ધ, નરસિંહ મહેતા જેવા સંતોના વેશમાં નાનાં નાનાં બાળકોને પ્રેરણા મળે તે રીતે નાટક સ્વરૂપે રજૂ કર્યાં. પૂ. મા પ્રસન્ન થયાં. સૌરાષ્ટ્રની તળપદી ભાષામાં શ્રી અજયભાઈ કલોલા, શ્રી વિજયભાઈ કલોલા, શ્રી વિજયભાઈ કનેરિયા, શ્રીમતી કીર્તિબેન કલોલા અને ડો. જાગાણીએ પૂ. માના જીવન, તપ, સાધના, મૌન, લીલા, લોકકલ્યાણની પ્રવૃત્તિ વગેરે પર પ્રકાશ પાડનારું નાટક રજૂ કર્યું. રાત્રે પૂ. માના આશીર્વાદની વર્ષા સાથે સૌ છૂટા પડ્યા. પૂ. માએ અલૌકિક રીતે આ દિવસની ઉજવણી કરાવી.

### સ્વર્ગારોહણતીર્થમાં પૂ. માની સંનિધિમાં

# નૂતનવર્ષની ઉજવણી

ડો. બી. જે. જાગાણી

વિક્રમ સંવત્ ૨૦૬૦ નું વર્ષ તા. ૨૬–૧૦–૩ ના રોજ સ્વર્ગારોહણતીર્થમાં ૧૬૦ સાધક ભાઇબહેનોની ઉપસ્થિતિમાં ને પૂ. માની સંનિધિમાં એક આગવી રીતે પ્રારંભાય છે.

પૂ. મા હોલમાં સવારે ૭–૦૦ કલાકે સમૂહ પ્રણામના કાર્યક્રમમાં પૂ. શ્રીના સ્વરૂપ સાથે પધારે છે. પૂ. શ્રીના સ્વરૂપને બેઠક પર પધરાવીને પ્રણામ કરે છે પછી પૂ. મા પણ બેઠક પર બિરાજમાન થાય છે. હાથમાં ત્રણ ઓડિયો કેસેટ છે.

એક ઓડિયો કેસેટ પ્લેયર પર મૂકવાનું શ્રી અજયભાઇ કલોલાને કહે છે. પૂ. મા તથા સાધકો આ કેસેટ પરના સંગીત સાથે પૂ. શ્રીના સ્વરૂપને ૩૦૦ પ્રણામ કરે છે.

પૂ. મા બાળકો પાસે 'ૐ યોગેશ્વરાય નમઃ'નો મંત્ર સમૂહ-માં કરાવે છે. નાના બાળકો પ્રેમપૂર્વક ને હોંશથી મંત્રગાન કરે છે. પૂ. મા પ્રોત્સાહન આપવા સ્લેટ પર લખે છે. 'કોને કોને લાગે છે કે આજે નવું વર્ષ છે? તો તો કંઇક નવું કરવું જ પડેને? આજે જે જે કરો તે આખું વર્ષ કરવું પડે. જો આજે તમે મીઠાઇ જમો તો રોજ જમવી પડે. જો આજે તમે હિસાબ લખો તો રોજ લખવો પડે. જો આજે તમે પ્રાર્થના કરો તો રોજ કરવી પડે. જે કંઇ સારું છે તે શરૂ કરવાનો દિવસ છે. આપણાં જીવનના બે જાતના હિસાબ હોય છે. એક અંગત હિસાબ ને બીજો જાહેર હિસાબ. દરેક પોતાના અંગત જીવનની એક એક ક્ષણ જાણે છે



જે બીજું કોઇ જ જાણતા નથી. તે અંગત જીવનમાં કેવા છીએ તે આપણે જ જાણીએ છીએ. તો આજનો દિવસ આપણી અંગત અશુદ્ધિઓને બાળવાનો દિવસ છે. અશુદ્ધિ બે રીતે બળે છે. (૧) હવે એવી અશુદ્ધિ કદી ના વળગે એવો સંકલ્પ કરીને (૨) પ્રભુ પાસે ક્ષમા માગીને વિતેલા વર્ષના અપરાધો ધોવા પ્રણામ પણ એક ઉત્તમ સાધન છે.'

'એક જ પ્રણામ શ્રી કૃષ્ણ પ્રભુને કરીએ તો ૧૦,૦૦૦ અશ્વમેધયજ્ઞ જેટલું ફળ મળે એવું શાસ્ત્રમાં કહ્યું છે. પ્રણામ પ્રભુને કેટલા પ્રિય છે તેનું પણ પ્રમાણ છે. મંદિરોમાં સૌ જાય છે. બધા પ્રણામ કરે છે. ને તે પ્રણામ સાથે સાથે પ્રાર્થના કરે છે. તો આજે પણ વિશેષ પ્રાર્થના સાથે પ્રણામ કરીશું.'

'ઉત્તમ નિયમોથી જીવનને ઉપર ઊઠાવીએ. દર વરસ કરતા સાધના વધુ કરીએ. જપ વધુ કરીએ. એક વર્ષ માટે કોઇ નાનો નિયમ લઇએ. એક વર્ષ માટે કોઇ શત્રુ હોય તો તેને માટે પ્રાર્થના કરીએ. એક વર્ષ માટે કોઇ બોલતું ન હોય તો તેને સામેથી બોલાવીએ. એક વર્ષ જેને ઘેર રાગદ્વેષથી પ્રેરાઇને ન જતા હોઇએ તો તેના ઘેર જવાનું શરૂ કરીએ. ઉપર ઊઠવાના નિયમો જ સાચા ઘરેણાં છે. દિવાળીમાં સૌ ઘરેણાં પહેરીને ફરે છે. આપણે પણ એવા નવાં નવાં નાનાં નાનાં ઘરેણાં પહેરીએ. એમાં કાંઇ ખર્ચ નથી. નથી ચોરીનો ભય. દરરોજ એવા નાના નિયમો પાળીને જીવનને દરરોજ જ સજાવવાનું છે. રોજ જ નવું વર્ષ છે એમ માનવાનું છે. રોજ જ પ્રભુને હિસાબ આપવાનો છે એમ માનીને પ્રભુથી ડરીને ચાલવાનું છે.'

'પૂ. શ્રીએ પણ પ્રવચનમાં એ જ વાતો કરી. એ વાતોને

યાદ કરીને જીવન ઉજ્જ્વળ કરવા પ્રયત્ન કરવો. આજે હવે નાનકડો નિયમ એક વર્ષ માટે લેવાનો છે. છેક નાનો નિયમ લેવાનો છે. ૩૬૫ દિવસ પળાવો જોઇએ. નિયમો નાના છોડ ફરતે વાડ જેવા છે. રક્ષા થાય છે. પ્રભુ પણ બંધાઇ જાય છે. પ્રણામથી પ્રભુને પોતાના કરવાના છે. ગરજ હોય ને કામ કઢાવવું હોય તો આપણે હાથ જોડીને મીઠું મીઠું બોલીએ છીએ. કામ કઢાવી લઇને પ્રભુને પણ હાથ જોડી જોડીને, સ્તુતિ કરી કરીને મનાવી લેવાના છે. પ્રભુને પોતાના કરી લેવાનું શીખી જવાનું છે, તો આપણી બધી ચિંતા એ કરે છે, આપણાં બધાં કામ એ કરે છે, આપણી બધી જરૂરિયાત એ પૂરી કરે છે, આપણને અખંડ ને શાશ્વત સાથ આપે છે. એટલે વિશેષ પ્રાર્થના, જપ ને પ્રણામ કરીએ. બેઠા બેઠા પણ પ્રણામ કરીએ. દરેક પ્રણામે રક્ષા, આશીર્વાદ, કૃપા, રક્ષાસાથ માગીએ. એ રીતે રોજ રોજ ૩૬૫ દિવસ નાનકડો નિયમ પાળીએ. કોને કોને પ્રભુ ગમે છે? (સો હસે છે.) તે પ્રભુને હવે કોણ કોણ પ્રણામ કરવાના છો? (સૌ ઊંચી આંગળી કરે છે) તો પ્રણામ કરવા હોય તે ઊભા થાય. વૃદ્ધો અને જેનાથી પ્રણામ ના થતા હોય તે બેસે.'

ઓડિયો કેસેટ પ્લેયર પર બીજી કેસેટ મૂકાય છે. તે કેસેટ પર અર્ધો કલાક સુધી પૂ. મા સાથે સાધક ભાઇઓ—બહેનો ને બાળકો પ્રણામ કરે છે. પ્રણામ કરવાનો સૌને ઉમંગ, ઉત્સાહ ને હોંશ છે. પ્રેમપૂર્વક પ્રણામ કરે છે. પૂ. મા પણ ખૂબ જોશપૂર્વક ને મસ્તીમાં પ્રણામ કરે છે. પ્રણામની ગાદી વારંવાર ખસી જાય છે. ગાદીને સરખી કરતાં જાય છે ને પ્રણામની મસ્તી માણતાં જાય છે. આ તબક્કામાં કુલ ૩૦૦ પ્રણામ થયા.



કેસેટ બંધ થાય છે. 'ૐ યોગેશ્વર રક્ષમામ્—મા સર્વેશ્વરી પાહિમામ્'ની ધૂન સૌ કોઇ ગાય છે. પૂ. મા પોતાના સ્થાન પરથી ઊભા થઇને પૂ. શ્રીની સમક્ષ સાકરની ડીશ પડી છે તે લઇને દરેક સાધક બેઠા છે ત્યાં પધારે છે ને સાકર આપે છે. આ દૃશ્ય વિરલ અને અદ્ભુત છે. પૂ. મા સામે ચાલીને ભક્તોને પોતાના સ્થાનેથી ઊભા થઇ, વાંકા વળીને દરેક સાધકને સાકર આપીને ૬૦૦ પ્રણામનો સાધકોનો થાક હરતાં હોય તેમ જણાય છે. પૂ. માને થાક નથી. ખૂબ ઉત્સાહ છે. હરિ જાણે ભક્તોના આંગણે પધાર્યા હોય, દુઃખડા હરતા હોય, પ્રસન્ન થઇને કોડ પૂરા કરતા હોય તેવું દૃશ્ય ખડું થઇ જાય છે. સાકરની થાળી પૂ. મા પૂ. શ્રીના સ્વરૂપ આગળ મૂકે છે.

સૌને થાય છે કે હવે પ્રણામની બેઠક પૂરી થઇ છે. એટલામાં પૂ. મા સ્લેટ પર લખે છે 'અત્યાર સુધીમાં ૬૦૦ પ્રણામ કર્યા. હવે ૫—૧૫ પ્રણામ કરી લઇએ.' (સૌ સાધકો હસે છે.) એક કેસેટ ફરી કેસેટ પ્લેયર પર અર્ધા કલાક સુધી વાગે છે. બમણા જોમથી પૂ. મા ને સાધકો પ્રાણામ કરે છે. કુલ ૩૩૦ પ્રણામ આ કેસેટ પર થાય છે. અત્યાર સુધીમાં ૯૩૦ પ્રણામ થાય છે. ઘડિયાળમાં સવારના ૧૦—૩૦ કલાક થયા છે. પૂ. મા સ્લેટ પર લખે છે 'હવે ફક્ત ૭૦ પ્રણામ જ બાકી છે' તે પ્રણામ પૂર્ણ થયે કુલ ૧૦૦૦ પ્રણામ થાય છે. પૂ. મા ખૂબ પ્રસન્ન છે. પૂ. મા લખે છે : ૧૦૦૦ પ્રણામ આજે રમતા રમતા થયા.

એક પ્રદક્ષિણા કુટિયાની ફરતે ફરવાની અને ત્રણ પ્રદક્ષિણા યોગતીર્થમાં ફરવીની સૂચના મળે છે. પૂ. મા પણ સાથે છે. ભક્તો આગળ ને પૂ. મા પાછળ એ રીતે પ્રદક્ષિણા ફરીને

સવારની બેઠક ૧૦૦૦ પ્રણામના અર્ઘ્ય પૂર્ણ થાય છે.

બેઠક પૂર્ણ થાય તે પહેલા પૂ. મા લખે છે 'નવા વર્ષે એક નાનકડો નિયમ યાદ રાખીને લેવાનો છે. આપણા બાલમુકુંદભાઈ એક સરસ નિયમ લે છે. તે લગભગ અઠવાડિયે એક વાર પ્રભુનું સ્વરૂપ ટેબલ પર પધરાવી ૧૦૮ પ્રદક્ષિણા ઘરે કરે છે. તો તમે પણ એવો એક નિયમ લઈ લેજો. સૌ એક નિયમ મા તરફથી લે. જેના ઘરમાં વડીલો છે તેને રોજ એક પ્રણામ કરવો. જેના ઘરમાં વડીલ નથી તે ફોટામાં હશે. ત્યાં જીવંત છે તેમ માનીને પ્રણામ કરી શકાય છે. આ નિયમ મા તરફથી છે. તમારો બીજો નિયમ તો લેવાનો છે જ. એટલે કુલ બે નિયમ થયા.'

બપોરે શ્રી વિનુભાઈ અમીન પરિવાર તરફથી નવા વર્ષને અનુરૂપ મિષ્ટ ભોજન મળ્યું. ભોજનમાં કેસરયુક્ત બાસુદી, પૂરી, ભજીયા, શાક, દાળ–ભાત, કચુંબર ને પાપડ હતા. ૧૦૦૦ પ્રણામ કર્યા હતા એટલે કકડીને ભૂખ તો લાગી જ હતી. સૌએ પ્રેમપૂર્વક ભોજન લીધું. પૂ. માને તો આજે નિર્જળા દિવસ હતો માત્ર હવા સિવાય કશું જ લેવાનું નહોતું પૂ. માએ એક હજાર પ્રણામ તો સમૂહમાં કર્યા જ હતા.

બપોરે ૪–૧૫ કલાકે બપોરની બેઠક શરૂ થાય છે. ડો. કુમારપાળભાઈ દેસાઈ પધારે છે. પૂ. મા તેઓને પ્રવચન કરવા જણાવે છે. ડો. અરુણાબેને તેઓનો પરિચય આપે છે ને પછી મમતા, સમતા, ને નમ્રતા જેવા સદ્‌ગુણો પ્રાપ્ત કરવા સાહિત્યકરીતે, વક્તાની આગવી શૈલીથી પ્રવચન આપી ડો. કુમારપાળભાઈ વિશે પૂ. મા પણ સ્લેટ પર પ્રતિભાવ આપે છે.

"અમે સવારે જ કહ્યું હતું કે જે જે આજે કરશો તે આખું



વર્ષ કરવું પડે. શ્રી કુમારપાળભાઈ આપણે આંગણે અચાનક પ્રગટ્યા. સ્વર્ગારોહણમાં પધારજો, પ્રભુ જ અહીં લાવશે, જ્ઞાનનો પ્રસાદ પીરસાવશે. કેવી સરસ વાતો યુવાનો, બાળકો, વૃદ્ધોને સમજાય તેવી હતી. આ તો આપણે થોડા કાચા પડીએ. નહીં તો એમને કેવી રીતે જવા દેવાય? દરવાજાના તાળાની ચાવી આપણી પાસે છે. પણ એ વ્યક્તિ વિશેષ દરવાજા ઉપરથી પસાર થઈને વિશ્વના અનેક દ્વારે પહોંચી જાય તેવા છે. માટે આપણું એ ગજું નથી. એમને પકડીને બાંધીએ. અચાનક પધાર્યા. સૌને આનંદ થયો. આજે એવા મંગલદિને પધાર્યા એટલે વારંવાર પધારશે. જેમ પંચકમાં પાંચ કામ થાય તેમ નૂતનવર્ષે જે આપણે આંગણે આવે તેમણે આવતા વર્ષે આવવું જ પડે. આ તો આજે ઉડતી મુલાકાત છે. કેવું છે સ્વર્ગારોહણ તે જોઈ આવીએ. ને હવે બીજીવાર એક હેન્ડ બેગ લઈને, ત્રીજી વાર બેગ લઈને પધારશે. પછી તે એક બેગ સાથે કાયમી અહીં રહી જશે. નવા વર્ષે આપણી તો આ ભાવના છે. એને તે વ્યક્ત કરવી જ પડે. અરુણાબેનના પરિચયે આપણા આંગણે કેટલી કેટલી વિભૂતિઓ આવી રહી છે. આપણું સદ્‌ભાગ્ય છે. ફરી ફરી જરૂર પધારજો. આજે રહી જાઓ તો સાત દિવસની સપ્તાહ માટે તૈયાર છીએ." શ્રી કુમારપાળભાઈને પૂ. મા ભેટનું પેકેટ, ફળો, સરસ મજાની ફૂલદાની આપે છે. સૌને આનંદ થાય છે.

રાત્રે બાળકોના નાટકો થાય છે. નાનાં નાનાં બાળકોના જીવનમાં ધર્મ, અધ્યાત્મ, સાધના, સંત ચરિત્ર, બોધ સત્સંગ, ભક્તિ વગેરેના બીજ રોપાય તેવા સંતચરિત્રના નાટકો થાય છે. રાત્રે પૂ. મા પણ ૧૦.૩૦ કલાકે સહુ કોઈને ઉપયોગી થાય ને પ્રેરણા મળે તેવું રહસ્ય સ્લેટ પર લખીને ખોલે છે.

ઈશ્વર પેટલીકરે પુસ્તક લખ્યું છે. 'મને મારા વિશે આશ્ચર્ય.' અમને પણ એવું થાય છે. આ શરીરે આજે ૧૦૦૦ પ્રણામ કર્યાં. અમારી પાસે ત્રણચાર કેસેટ હતી. પાકું ન હતું કે આજે પ્રણામ કરીશું. પ્રણામ તો સમૂહની એક મજબૂત તાકાતથી ને પ્રભુની કૃપાથી થઈ ગયા. પણ આશ્ચર્ય એ વાતનું કે ૧૦૦૦ પ્રણામ પછી પણ એક ટીપું પાણી લેવાની ઈચ્છા નથી થઈ. ગઈ કાલે આખો દિવસ લગભગ પાણીવિના ગયો. રાત્રે ૧૨ વાગ્યે અર્ધો ગ્લાસ પાણી પીધું. આ શરીર કોણ ટકાવે છે. જરાક આંખ ઉઘાડી આ શરીરનો જ અભ્યાસ કરો તોપણ દીવા જેવું સત્ય વંચાશે કે આ પ્રણામ કરવાની તાકાત ને પાણી વગર જીવવાની તાકાત કોણે આપી? આજે આખો દિવસ અમને આશ્ચર્ય થયું કે કેવી અદ્ભુત રીતે પૂ. શ્રીએ પોતાની આ દિવ્ય સંપત્તિને સંભાળી રહ્યા છે. કોણ સમજી શકે આ વાત? હરતા ફરતા આ શરીરમાં જ બિરાજી તમને સૌને ઉઘાડી આંખે એ સર્વ કાંઇ સમજાવી રહ્યા છે. જોઇ લો આ કૃપાનો વરસાદ. જોઇ લો આ શરણાગતના રખોપા. એ સમર્થ મહાપુરુષને કરેલો ભાવભર્યો પ્રણામ પણ ઘણું મોટું ભાથું ધરી દેનારો છે. પૂ. શ્રીએ એ જ નક્કી કર્યું હશે કે નવા વર્ષે ભલે સૌ યથાશક્તિ પ્રણામપૂજા કરે. આ બધી સત્યઘટના શ્રદ્ધા ના હોય તો પણ સમજાય તેવી છે. ઉઘાડી આંખે તમે જ સત્ય જોઇ રહ્યા છો. તે તો કેવી રીતે ખોટું હોય? નવા વર્ષે આપણે પણ શ્રી હરિને સોંપતા શીખીએ. અને એના શ્રી ચરણે સર્વસુખ સાંપડે છે એવી શ્રદ્ધા મૂકીને તે વધારતા જઇએ. તોપણ આજનો ઉત્સવ સફળ ગણાય.'

'પ્રણામની મસ્તી ને એકતાનતાથી પ્રણામનું આસન ખસી જતું હતું, દિશા પણ બદલાઇ જતી હતી. વચ્ચે વચ્ચે પાછું



ધ્યાન નીચે ઉતરતા પાછું આસન સરખું કરી લેતાં. આવી કૃપાના અદ્ભુત ઘટનાને સતત સ્મરણમાં રાખીને શ્રદ્ધા વધારતા જવું એ જ આ દિવાળીનો પ્રસાદ છે.

પૂ. માએ આવી રીતે સૌ સમક્ષ કૃપાની વર્ષા, પૂ. શ્રીદ્વારા થતી રક્ષા, પ્રણામની મસ્તી, શ્રદ્ધાનું દર્શન અને નૂતનવર્ષનો સંદેશ પોતાના જીવનદ્વારા આપ્યો. સૌને ખૂબ પ્રસન્નતા થઇ, ધન્યતા અનુભવી અને પૂ. મા—પ્રભુનો જય જયકાર કર્યો.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# 'પોયણું પાંગર્યું' (શૈશવ કથા)

ડૉ. બી. જે. જાગાણી

## પુસ્તકનું વિમોચન

'મા' સર્વેશ્વરી સંનિધિપર્વનિમિત્તે આયોજિત સ્નેહયજ્ઞમાં કપૂરામાં તા. ૨૫–૧૨–૦૩ ના રોજ પૂ. માની ઉપસ્થિતિમાં શ્રીમતી ભારતીબેન અને શ્રી રમેશચંદ્રના હસ્તે 'પોયણું પાંગર્યું (શૈશવ કથા)' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. આ પુસ્તક-ના કુલ ૮૦ પેઈજ છે. આ પુસ્તકમાં પૂ. માનાં બાળપણ (એક થી ૧૨ વર્ષ)ની કથા વર્ણવવામાં આવી છે. પૂ. માના બાપુજી શ્રી કાલીદાસભાઈ, બા શ્રી ભીખીબા, નાના શ્રી ગોપાલજી, પિતામહ શ્રી ભૂલાભાઈ, પ્રપિતામહ શ્રી ગોપાલદાદા અંગે પણ રસપ્રદ ગુણાનુવાદ આ પુસ્તકમાં કંડારવામાં આવ્યા છે. પોયણું એટલે ખીલ્યાવિનાનું કમળ. પાંગરવું એટલે ખીલવું. પૂ. માનું બાળપણનું નામ 'સરોજ' હતું. કમળનું બીજું નામ એટલે સરોજ. પૂ. માનો શૈશવકાળ એટલે પોયણું. આ શૈશવકાળની કથા ખૂબ રસપ્રદ, પ્રકાશના પંથે દોરનારી અને પ્રેરણાદાયી છે. શ્રીમતી તરલાબેન દેસાઈએ આ પુસ્તક સાધકો સુધી પહોંચે તે માટે પૂ. માને ઘણી પ્રાર્થનાઓ કરી અને તેના ફળસ્વરૂપ આ પુસ્તક સુલભ થયું છે. પૂ. માના પૂજ્યભાઈ શ્રી વામનભાઈને આ પુસ્તક અર્પણ કર્યું છે. આ પુસ્તકનું નિવેદન પૂ. માએ લખેલ છે. જે આ મુજબ છે.

## નિવેદન

'વિદેશની ધરતી ઉપર જીવનના અઠ્ઠાવનમા વરસે સૂર્યોદય-નું સ્મરણગાન ગવાયું. સત્યપથે શ્રી તરલાબહેને તે સાંભળ્યું.



શ્રી તરલાબહેન છેલ્લાં થોડાં વર્ષોથી અમારા અધ્યાત્મક્ષેત્રના સહા-યક સ્વજન સમાં છે. એમની ગુણગ્રાહી દૃષ્ટિ છે એથી આગ્રહ–પ્રેમાગ્રહ થયો. આ બાળકથાના પ્રસાદનું વિતરણ કરીએ. અને શ્રી હરિની યોજનાનાં શ્રી તરલાબહેન જાણે પ્રતિનિધિ બની રહ્યાં. શ્રી હરિના આશીર્વાદ એમના ઉપર અનરાધાર વરસતા રહો.

ઈમેજ પ્રકાશનનો સહયોગ શ્રી તરલાબહેનને સુલભ છે. બાળકથાની આ વાત ભાઈ શ્રી મહેશભાઈએ વધાવી તેથી જ આ બાળકથાના પ્રસાદનો પડિયો સૌના હાથમાં આવી રહ્યો છે. પરિચય વિના પણ સત્કર્મની તક એમણે ઝીલી છે. અભિ-નંદન. ધન્યવાદ.

બાળકથાની સ્મરણગંગાનું આ સ્નાન તન, મન, અંતરને પાવન કરતું રહો.

પૂર્વજોનો પ્રાણવાન પ્રકાશ બાળસરોજ પાસે શ્રી હરિએ ઝિલાવ્યો તો તેનું પુણ્ય સ્મરણ આરતી સ્વરૂપે પૃષ્ઠો ઉપર ઊતર્યું છે.

જીવનઝરણાનાં પ્રત્યેક બુંદમાં એ પૂર્વજોની સંસ્કારધારા વહી રહી છે. એ જળધારા સૌને ગંગાસ્નાનનું સુખ ધરે એ જ પ્રાર્થના'.

'મા' પરિવારે આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે જે વાંચવા-થી પુસ્તકનો હેતુ, વિષયવસ્તુ અને પ્રેરણા અંગે સ્પષ્ટતાઓ થઈ જાય છે. જે આ મુજબ છે. **–મા સર્વેશ્વરી**

## પ્રાસ્તાવિક

'દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કપૂરામાં જન્મેલી એક સામાન્ય બાલિકા

'સરોજ' આજે સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરીરૂપે અધિષ્ઠિત છે. હજારોનાં હૃદયમાં એ 'મા પ્રભુ' તરીકે વિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી. આ કોઇ ચમત્કારલીલા પણ નથી. પણ એક મનુષ્યદેહ પોતાનામાં રહેલ આત્મસ્વરૂપને પિછાની શકે અને દીર્ઘ તપશ્ચર્યા અને કઠિન સાધનાબળે શરીર અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે. એ સૃષ્ટિના જડચેતન અંશોમાં રહેલી દિવ્યતા ઢંઢોળી શકે છે; એની જીવંત પ્રતીતિ 'મા' સર્વેશ્વરી એમના સંપર્કમાં આવનારને કરાવી રહ્યાં છે.'

'પૂ. માએ ગુજરાતના પનોતા સંત, હિમાલયના તપસ્વી શ્રી યોગેશ્વરમાં ગુરુભાવ સ્થાપી, સંપૂર્ણ સમર્પણ—સેવાભાવથી એને એવો દૃઢ કર્યો કે એમને માટે એ સદ્‌ગુરુ પ્રભુનો પર્યાય બની ગયા. પોતે આયુષ્યની પલટાતી પ્રત્યેક ક્ષણે એવી વિનમ્રતા ધારતાં ગયાં કે સ્વયં પ્રભુ જ એમના પ્રત્યેક કાર્યના, પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસના ધબકાર બની ગયા!'

'આવાં પરમ પવિત્ર સંતની સળંગ જીવનકથા જો મળે તો એ પ્રભુપ્રીત્યર્થે જીવવા મથતા પ્રત્યેક જિજ્ઞાસુ માટે પરમ પ્રેરક અને માર્ગદર્શક બની રહે. પણ 'મા' કહે છે તેમ, 'ધીરજ રાખો. હરિ ઇચ્છશે ત્યારે લખાવશે.'

'પણ આપણા સદ્‌ભાગ્યે પૂ. માએ એમના વિદેશ વસવાટ દરમ્યાન શૈશવની કથા આલેખી છે. એમાંથી આ નાનકડી પુસ્તિકા તૈયાર થઇ શકી છે. પૂ. માનું આ શિશુસ્વરૂપ દરેક જિજ્ઞાસુ માટે આનંદદાયી તેમ જ ઉદ્‌બોધક નીવડશે એવી શ્રદ્ધા છે.'

'પૂ. માના શૈશવનાં અહીં આલેખાયેલાં બાર વર્ષો કોરા વાસ્તવનાં દસ્તાવેજી ચિત્રો માત્ર નથી, ભાવ—ધબકાર, હરિ-



શ્રદ્ધા—રણકાર ઝીલતાં જીવંત રૂપ છે, કેમ કે સપાટી પરના જીવનની વિગતોનું સ્થૂળ નિરૂપણ નહિ પણ એના અંતઃસ્થલ-માં વ્યાપ્ત ચૈતન્યની સહજ શબ્દલીલા એમાં સ્ફુટ થઇ છે. તેથી જ સમગ્ર આલેખન કોઇ પ સહૃદયને આકર્ષી શકે એવું રસમય અને હૃદયસ્પર્શી બન્યું છે.'

'પૂ. માએ પોતાના શૈશવને સહજ સાધારણ શિશુભાવથી તેમ જ ચૈતન્યવિકાસની દૃષ્ટિએ અવલોકી એને આગવું પરિ-માણ અર્પ્યું છે.'

'પૂ. માનાં ચર્મચક્ષુ અને દિવ્યચક્ષુ ઉભયથી થયેલું શિશુ-દર્શન તદ્રૂપતા અને તાટસ્થ્યનો સમન્વય રચી, આપણને એક એવા સ્વસ્થ—મસ્ત—સમતોલ શિશુલોકમાં લઇ જાય છે. જ્યાં પગલીઓ છે તરલ સરોજની, પણ એમાં સંચાર છે આત્મસ્થ 'મા' સર્વેશ્વરીનો!'

'માનવજીવન એ નર્યાં તથ્યોનો સરવાળો નથી પણ સર્વ તથ્યોમાંથી ઉપર ઊઠતા એક 'શાશ્વત સત્ય'ની પ્રતિચ્છબી છે, એની અનુભૂતિ 'મા' સર્વેશ્વરી'ના શિશુસ્વરૂપમાં થાય છે.'

'પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ—શા 'મા સર્વેશ્વરીના 'શૈશવ', 'અધ્યાત્મ-ઉઘાડ'નું પાંગરેલું આ 'પોયણું' એનાં રૂપ—રંગ—ગંધની જે આભા પ્રસારશે એ ભાવિકોના હૃદયસુધી વિસ્તરશે; એ શ્રદ્ધા સાથે આ પ્રકાશનકાર્ય હાથ ધર્યું છે.'

'પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના 'શૈશવનાં સંસ્મરણો'ને એક પુસ્તિકારૂપે પ્રગટ કરવાનો વિચાર સ્ફુરતાં પૂ. 'મા'ની અનુ-મતિ માટે સ્વર્ગારોહણમાં ફોન જોડ્યો. એના નામકરણ વિશે પૂછતાં તેઓશ્રીને સદ્ય 'પોયણું પાંગર્યું' જેવું અનુપમ નામ સૂચવ્યું. પુસ્તિકાના અંતસ્તત્વને સંપૂર્ણપણે અનુરૂપ આટલું

સુંદર—સૂચક શીર્ષક આમ સહજ—અનાયાસ મળી જતાં આનંદ અત્યંત થયો પણ આશ્ચર્ય એટલા માટે ન થયું કે, 'સંતોના હૃદયની ભીતરી અસીમ શાંતિનો સહજ આવિષ્કાર આવી અનન્ય શબ્દસ્ફુરણારૂપે થતો જ હોય છે.'

'પિતાશ્રી કાલિદાસભાઈએ હેતથી જેમનું પૂર્વાશ્રમનું નામ 'સરોજ' પસંદ કર્યું અને પરમ સદ્ગુરુ શ્રી યોગેશ્વરે સરોજનો પર્યાય 'પદ્મ' સ્વીકારી, 'પાવન પદ્મ' તરીકે જેમની મહત્તા કરી, એ 'મા' સર્વેશ્વરી પોતાને સહજ વિનમ્રતાથી 'પોયણું' તરીકે ઓળખાવે છે. એટલે 'પોયણું પાંગર્યું' શીર્ષક માત્ર પુસ્તિકાનું જ નહિ, આપણઆં સર્વના સ્નેહાદરનાં ભાજન એવાં પૂ. 'મા'ની અતિ કોમળ, ઋજુ, મધુર, સરળ, વિનમ્ર અહમ્રહિત આંતરશ્રીનું પણ પરિચાયક બની રહે છે.'

'જે 'મા' આજે પૂર્ણ પ્રસ્ફુટિત પદ્મ છે. એમનું પોયણું—સ્વરૂપ પાંગરવાનું મંગલ મુહૂર્ત કેવું ભવ્ય, કેટલું પ્રસન્નકર હશે એ જાણવાની આપણી ભક્તોની સહજ ઉત્સુકતા જાણે પુસ્તિકાના આ નામથી પોંખાય છે.'

'આ પોયણું પાંગર્યું એ શુભ, પવિત્ર સરવરજલસમાં સ્નેહાળ પૂર્વજોનું ઋણ 'મા' મસ્તકે ધારે છે એમાં એક વિરક્ત સંતહૃદયનો સહજ સ્નેહભાવ છલકાય છે. એનું મંગલ દર્શન આ પુસ્તિકાની પાછળ જ 'પૂર્વસૂરિ—વંદના'રૂપે 'મા' કરાવે છે. પોતાનાં પૂર્વજોને અત્યંત ભાવપૂર્વક સ્મરણાંજલિ અર્પનાર 'મા'ની સહજ, સરળ શબ્દનકશી કોઈ પણ સહૃદયને સ્પર્શી જાય એવી છે.'

'આ પુસ્તિકા—પ્રકાશનના સત્કાર્યના સહભાગી બનવાનું સદ્ભાગ્ય ધારી આશિષ, નીરવ, દર્શના તેમ જ સુકેતુ (ભારતી-બહેનનો પરિવાર) ધન્ય બન્યાં છે.'



'મા' સર્વેશ્વરીના હૃદયમાં પ્રતિષ્ઠિત 'સનાતન શિશુ' ને 'પોયણું પાંગર્યું' પુસ્તિકાસ્વરૂપે પોંખવા આપણાં હૃદય શુભ્ર—સ્વચ્છ—પવિત્ર બને એ માટે પ્રભુને પ્રાર્થીએ.

માત્ર એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં આ પુસ્તિકા—પ્રકા-શનની જવાબદારી પ્રેમપૂર્વક અદા કરનાર 'સૂર્યા ઓફસેટ'ના શ્રી મુદ્રેશભાઈ તેમ જ આગવી કલાસૂઝથી આ પુસ્તિકાને નિખારનાર શ્રી કમલભાઈના અમે આભારી છીએ. 'ઈમેજ'ના ડિરેક્ટર શ્રી મહેશભાઈ દવેએ અંગત રસ લઈ ત્વરિત પ્રકાશન માટે જે જહેમત ઉઠાવી છે એમના પણ અમે ઋણી છીએ.

'શ્રદ્ધા છે કે 'મા' સર્વેશ્વરીની આ શૈશવ કથા અધ્યાત્મ માર્ગે પા પા પગલી કરતા સર્વે જિજ્ઞાસુઓ માટે ઉત્તમ પાથેય બની જશે.'

**—'મા' પરિવાર**

આ પુસ્તક પૂ. શ્રી મા, શ્રી વામનભાઈના પત્ની શ્રીમતી ગંગાબહેનને અર્પણ કરે છે અને પ્રણામ કરે છે. વળી પૂ. માના ત્રણેય બહેન શ્રી સુશીલાબેન, શારદાબેન, સાવિત્રીબેનને પણ આ પુસ્તક અર્પણ કરે છે ને પ્રણામ કરે છે. આ પુસ્તક માટે આર્થિક સહયોગ શ્રીમતી ભારતીબહેનના પરિવારે આપ્યો.

આ પુસ્તકના પાછળના પૃષ્ઠપર 'સ્મરણ—પ્રક્ષાલન' શીર્ષક હેઠળ તા. ૩-૭-૨૦૦૩ ના રોજ પૂ. માએ રચેલું એક પદ મૂકવા-માં આવ્યું છે. જેનું ગાન શ્રીમતી સરોજબેન અને દીપુએ કર્યું. આ પદ એટલું અર્થસભર, ભાવવાહી ને પ્રેરણાદાયી છે કે કુટુંબ-માં શીતળતા અર્પે છે અને સ્નેહસંબંધો વધે છે. એક વખત એ સાંભળ્યા પછી તેનું મનમાં ગુંજન સતત થયા કરે તેવું આ પદ છે.

**'સ્મરણ—પ્રક્ષાલન'**

કર્પૂરવનનાં સર્વ સ્વજનોને સર્વેશ્વરી વંદન કરે,
કાલીમંદિરના પૂજ્ય જનોનાં ચરણે સર્વેશ્વરી નમે.

જન્મભૂમિનાં સગપણ તોડી હરિ સંગ જોડી પ્રીતડી,
તે ક્ષણને પણ સર્વ સ્વજનોએ વધાવી રૂડી રીતથી.
મારગ લીધો સર્વેશ્વરીએ તો નિંદા કદીયે ના કરી,
તિરસ્કાર કે કટુવચન કે ટકોર કદીયે ના ધરી.
અનુકૂળતાનો થાળ લઈને સૌ સ્વજન સામે ઊભાં,
વયોવૃદ્ધ પણ વંદન કરતાં સામેથી આશિષ માગતાં.
મારગ હરિનો લીધો છતાંયે વહાલ વિશેષ વરસાવતાં,
સર્વેશ્વરીની ચિંતા કરીને થાક ને તાપ ઉતારતાં.
જાણે હરિ વૈકુંઠથી આ સ્વજનોને ઉતારતા,
કાલીમંદિરનાં નાનાં કે મોટાં નવાં સૌ સન્માનતાં.
તન—મન—ધનથી સ્વસ્થ રાખી સ્વજનોને હરિ તારજો,
સર્વેશ્વરીના મસ્તકે સદા વરદ હસ્ત રાખજો.

પૂ. મા આ પુસ્તક વિમોચન વખતે સ્લેટપર લખીને વંચાવે છે કે 'શ્રી તરલાબેનના અતિ આગ્રહ, પ્રેમાગ્રહથી પ્રકાશન શક્ય બન્યું. શ્રી તરલાબેને આ પુસ્તક માટે પ્રૂફ વાંચન, પ્રેસમાં જવું, સંપાદન કરવું વગેરે ખૂબ પ્રેમથી ઉપાડી લીધું. એમ કહીએ તો ચાલે કે જો શ્રી તરલાબેનનો આગ્રહ ન હોત તો આજે આ પુસ્તક પ્રકાશિત ના થયું હોત.' **—મા.**

આ પુસ્તકની સાથે સાથે પૂ. માના જીવનની સંક્ષેપમાં માહિતી આપતી પરિચય પુસ્તિકાનું વિમોચન પણ કરવામાં આવ્યું. આ બંને પુસ્તકો સ્નેહયજ્ઞમાં આવેલ પ્રત્યેક પરિવાર-દીઠ પ્રસાદ સ્વરૂપે આપવામાં આવેલ.



**પૂ. માની સંનિધિમાં યોગજ્યોત ગૌરવ**

# પારિતોષિક પુરસ્કાર વિતરણ સમારોહ

ડો. બી. જે. જાગાણી

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે સુરતના ગાંધીસ્મૃતિ હોલમાં પૂ. માની સંનિધિમાં તા. ૨૧—૧૨—૦૩ ને રવિવારના રોજ બપોરના ૩ થી ૭ કલાક દરમિયાન યોગજ્યોત ગૌરવ પારિતોષિક પુરસ્કાર વિતરણ સમારોહ ૧૦૦૦ સાધકોની ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં ગુજરાતના બધા જ જિલ્લાઓમાં ધોરણ—૧૨ ની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની માર્ચ—૨૦૦૩ પરીક્ષાઓમાં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ—બહેનોને રૂા. ૨૦૦૦ નો પુરસ્કાર અને ચાંદીનો પારિ-તોષિક આપવામાં આવ્યા. આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર ડો. કુમારપાળભાઈ દેસાઈ અને સંસ્કૃતના જ્ઞાતા ડો. લક્ષ્મેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

ડો. કુમારપાળભાઈ દેસાઈએ વિદ્યાર્થી ભાઈબહેનો તથા સૌ સાધકોને પોતાની આગવી શૈલીમાં પ્રેરણાત્મક મનનીય પ્રવચન આપ્યું. તેઓએ જણાવ્યું કે 'પૂ. માની ઉપસ્થિતિમાં અનેક બિડાયેલા પુષ્પો ખીલી રહ્યાં છે. પારિતોષિક ને ઈનામો વગેરે ઘણી જગ્યાએ અપાય છે પણ પૂ. માની ઉપસ્થિતિમાં વિશિષ્ટ રીતે અપાય છે. અહીં સાધના, અધ્યાત્મ ને માંગલ્યનો સંગમ થયો છે. પૂ. માની સાધના, પૂ. શ્રી યોગેશ્વરજીનું અધ્યાત્મ અને સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટદ્વારા થતી માંગલ્યકારી પ્રવૃત્તિઓનો અહીં ત્રિવેણી સંગમ થયો છે. 'યોગ—જ્યોત

ગૌરવ' મોટી વસ્તુ છે. પૂ. માએ ભૂકંપમાં બહુ મોટું કાર્ય કર્યું છે. મજૂર–ખેડૂત, વિદ્યાર્થીમાં અનુકંપાના આકાશનું દર્શન આપ્યું છે. જીવન શક્તિને વ્યસનમાં બગાડવી નહીં. આફત-માંથી સફળતાથી નીકળે અને પરિસ્થિતિને પલટાવે તે યુવાન. પૂ. શ્રી અને પૂ. માના જીવનના સત્ત્વોને પણ આ પ્રસંગે પામવા જોઈએ,' વિદ્યાર્થીઓને સાહસિક, આધ્યાત્મિક અને દૃઢમનોબળવાળા થવા માટે પ્રેરણાત્મક વાતો કરી.

ડૉ. શ્રી લક્ષ્મેશભાઇ જોશીએ શ્વેતકેતુ, શ્રી શંકરાચાર્ય, ઉપનિષદો, ભારતીય દર્શનશાસ્ત્રો, વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણ-દેવ, અને નારદજીના જીવનચરિત્રોને રસાળ શૈલીમાં યાદ કર્યાં. જીવનના મૂલ્યો, સત્યો ને કલા માટે આવા મહાન સંતો ને ગ્રંથો, ચરિત્રોનો અભ્યાસ કરવા પર ભાર મૂક્યો. માટી જાણવાથી ઘડાનું જ્ઞાન થાય, સોનાનું જ્ઞાન થવાથી ઘરેણાનું જ્ઞાન થાય, 'એક સધે સબ સધે' વગેરે બાબતોની જાણકારીથી ને ભારતીય સંસ્કૃતિની રક્ષા કેવી રીતે કરી શકાય તેની પ્રેરણાત્મક વાતો કરી.

શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. શ્રીનો ટૂંકમાં પરિચય આપ્યો. તેઓ પૂ. શ્રીની સાથે મુંબઈમાં ભણ્યા હતા. હાલ 'અધ્યાત્મ' માસિકના તંત્રી છે. આ માસિક પૂ. શ્રીએ ઓક્ટોબર–૧૯૭૯ માં શરૂ કરાવ્યું હતું. પૂ. શ્રી ના જીવનના નિચોડ સમા, સાધનાપંથીને ઉપયોગી થાય તેવો પ્રકાશ પાથરનારો ગ્રંથ 'પ્રકાશના પંથે'ની વાતો કરી. પૂ. શ્રીએ 'આત્મસાક્ષાત્કાર અને માનવસેવા'ના મંત્રને કેટલું પ્રાધાન્ય આપતા, ગ્રંથોના લેખનમાં કેટલા નિયમિત હતા, જીવનનું લક્ષ શું હોઇ શકે? પૂ. શ્રીએ જંગમ વિશ્વવિદ્યાલય તરીકે કેવી રીતે



કામ કર્યું, સમાજનું ઋણ કેમ ચૂકવવું તે અંગે મનનીય વાતો કરી.

પૂ. માનો પરિચય શ્રી તરલાબેન દેસાઇએ આપ્યો. શ્રી હરિહરભાઇ દેસાઇએ પૂ. માની આધ્યાત્મિક પ્રગતિ અંગે ખ્યાલ આપ્યો. પોતે પૂ. માને શિક્ષણ આપનારા શિક્ષક હતા પણ આધ્યાત્મિક ઉન્નતિ જોઇને પૂ. માને વિનંતી ને પ્રાર્થના કરે છે કે આધ્યાત્મિક રીતે પૂ. મા તેઓને શિષ્ય બનાવે. વિદ્યાર્થીઓને નાની વયમાં જ સર્વોત્તમ શિખરો સર કરવાની દૃષ્ટાંતો સાથે વાતો કરી.

ડૉ. શ્રી કુમારપાળ દેસાઇના હસ્તે પુરસ્કાર, પૂ. માના હસ્તે પારિતોષિક, Steps Toward Eternity–પુસ્તક સહીતની કીટ શ્રી લક્ષ્મેશભાઇના હસ્તે આપવામાં આવ્યા. તાલીઓના ગડગડાટને મંત્રગાન સાથે આ વિતરણ સમારોહ સંપન્ન થયો.

વિદેશથી પૂ. મા–પ્રભુના ભક્તો ૧૨૬ જેટલી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. અમેરિકા, કેનેડા, પનામા, ઇંગ્લાંડ વગેરે દેશો-માંથી શ્રી ધીરુભાઇદેસાઇ, શ્રી વિનોદભાઇ, શ્રી ભગવાનજી-ભાઇ, શ્રી સુરેશભાઇ શાહ, શ્રી અંબુભાઇ, શ્રી વાસુદેવભાઇ, શ્રી સંજયભાઇ, શ્રી જગદીપભાઇ, શ્રી નારણભાઇ, શ્રી કંચન-બેન, શ્રી સરોજબેન, શ્રી વિમળાબેન, શ્રી ગુલાબબેન, શ્રી વસંતબેન, શ્રી મણિબેન, શ્રી મંગળાબેન, શ્રી નીતાબેન, શ્રી પદ્મા-બેન, શ્રી જગુભાઇ, શ્રી નીરુબેન, શ્રી નયનાબેન, શ્રી શકુબેન, શ્રી વીણાબેન, કૌશલ, રાધિકા, પૂજા, પાર્થ, શ્લોકા શ્રી ધનજીભાઇ સુતરિયા, શ્રી મધુબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ધ્યાનકેન્દ્રો—સુરત, કપૂરા, મુંબઇ, વડોદરા, અમદાવાદ, પાલનપુર, અંબાજી, ભાવનગર, ઝણોર, મોરબી, રાજકોટ, નવસારીમાંથી પણ નાનામોટા, બાળકો, ભાઇઓ અને બહેનો આ કાર્યક્રમમાં પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી રવીશ પટેલ, શ્રી સરૈયા, શ્રી અંકિતા, શ્રી નૈનીતાબેન મિસ્ત્રી, શ્રી સંદીપ ચૌધરી, શ્રી પ્રશાંત શાહ, શ્રી કનકલતાબેન, શ્રી દીપકભાઇ વગેરેએ ભાવસભર પ્રતિભાવો આપ્યા. આ બધા પ્રતિભાવ આપનાર વિદ્યાર્થી—વાલીઓના પ્રતિભાવ સાંભળીને સૌ કોઇને આનંદ થયો. સંત શ્રી પૂ. માની ઉપસ્થિતિમાં સન્માન થયાનો એક આનંદ વ્યક્ત કર્યો. ટ્રસ્ટની આ પ્રવૃત્તિના વખાણ કર્યા, ભારતમાં રહી સેવા કરવાની પ્રતિજ્ઞા જાહેર થઇ. વિદ્યાર્થીઓની આંખમાં ચમક હતી અને કંઇક વિશિષ્ટ પ્રાપ્ત થયાનો આભાર માનવા પ્રતિભાવો આપતા અશ્રુધારાઓ વહી જતી હતી.

પૂ. માએ યોગજ્યોત ગૌરવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંદેશો આપ્યો. **''બધાના જ સંદેશામાં અમારા ભાવ વણાઇ ગયા છે. અમારા નવા વિદ્યાર્થી જગતને પ્રાર્થના છે કે આગળના અભ્યાસ માટે કોઇ સહાયની જરૂર હોય તો મા તે સેવાની પ્રતિક્ષા કરશે. આપ સૌના જ્ઞાન પ્રકાશે, વિશ્વ પ્રકાશિત રહે એ જ પ્રાર્થના''**—મા

શ્રી રાજુભાઇ જાનીએ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં અહેવાલ આપ્યો. ડો. તરલાબેન દેસાઇ-એ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું. ડો. બી. જે. જાગાણીએ આભારદર્શન કર્યું.



સમગ્ર કાર્યક્રમના આયોજનમાં સુરત ધ્યાનકેન્દ્રના સાધક શ્રી ડો. હિમાંશુ પાઠક, ડો. જયેશ પટેલ, શ્રી દીપકભાઇ મહેતા, શ્રી પ્રગતિબેન જાની, શ્રી પિનાકીનભાઇ, ડો. મૂકેશ-ભાઇ, શ્રીરત્નેશભાઇએ ખાસ જહેમત ઊઠાવી હતી.

કલાશ્રી સંસ્થાની બહેનોએ ડિમ્પલ ડેપ્યૂટીની રાહબરી હેઠળ ગણેશવંદના અને શાસ્ત્રીય સંગીત સાથે મનોરમ્ય નૃત્ય રજૂ કર્યાં. શ્રી સ્નેહલભાઇએ પ્રાર્થના રજૂ કરી, ડો. હિમાંશુ-ભાઇ પાઠકે મહેમાનો અને સાધકોનું સ્વાગત કર્યું. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સર્વશ્રી બિપીનભાઇ તન્ના, વિજયભાઇ કનેરિયા રેવાશંકર પુરોહિત, રમેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા.

**નોંધ :** લાભાર્થી વિદ્યાર્થીઓની યાદી પૃષ્ઠ ૪૯ થી ૫૩ ઉપર મૂકવામાં આવેલ છે. ○


આ દિવસો પણ ચાલ્યા જશે. **—યોગેશ્વરજી**

## ✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જિલ્લો | પ્રવાહ | ટકા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | સુતરીયા જૈની મેહુલભાઇ | અમદાવાદ | વિજ્ઞાન | ૯૧.૮૫ | સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કૂલ |
| ૨ | શાહ જૈના ઉત્કર્ષભાઇ | અમદાવાદ | સામાન્ય | ૯૧.૦૦ | સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કૂલ |
| ૩ | હીરપરા પુષ્પેન્દ્ર હરિલાલ | અમરેલી | વિજ્ઞાન | ૮૩.૨૩ | કામાણી ફોરવોર્ડ હાઇસ્કૂલ |
| ૪ | સોલંકી આરતીબેન કે. | અમરેલી | સામાન્ય | ૮૪.૬૭ | ઝવેરચંદ મેઘાણી સ્મા.હાઇસ્કૂલ–બગસરા |
| ૫ | છાયા પ્રાંજલી સુનિલભાઇ | કચ્છ | વિજ્ઞાન | ૯૦.૦૦ | શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ–ભૂજ |
| ૬ | જોબનપુત્રા ભક્તિબેન એન. | કચ્છ | સામાન્ય | ૮૬.૮૩ | શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ–ભૂજ |
| ૭ | ભાલોટીયા પૂજા શંભુનાથ | કચ્છ | સામાન્ય | ૮૬.૮૩ | માઉન્ટ કાર્મેલ હાઇસ્કૂલ–ગાંધીધામ |
| ૮ | શાહ શ્રીજા ગિરીશચંદ્ર | ખેડા | વિજ્ઞાન | ૮૮.૮૭ | વિદ્યુતબોર્ડ વિદ્યાલય–ઠાસરા |
| ૯ | સરૈયા અંકીતા દેવેન્દ્રભાઇ | ખેડા | સામાન્ય | ૮૮.૧૭ | ન્યુ ઇંગ્લીશ સ્કૂલ–નડીયાદ |
| ૧૦ | મામલાણી હીરવા એમ. | જામનગર | વિજ્ઞાન | ૯૨.૩૧ | શ્રીમદ્ દયાનંદ કન્યાવિદ્યાલય–જામનગર |
| ૧૧ | શાહ દીપા જયંતીલાલ | જામનગર | સામાન્ય | ૯૦.૦૦ | સેન્ટ એન્સ હાઇસ્કૂલ–જામનગર |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જિલ્લો | પ્રવાહ | ટકા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧૨ | માંગુકીયા ચિરંતન વિ. | જૂનાગઢ | વિજ્ઞાન | ૯૨.૧૫ | સ્વામી વિવેકાનંદ વિનયમંદિર |
| ૧૩ | કેશવાલા મીનાબેન એસ. | જૂનાગઢ | સામાન્ય | ૮૮.૩૩ | શ્રી કન્યાવિનયમંદિર–માંગરોળ |
| ૧૪ | શાહ પ્રશાંત મનોજકુમાર | પંચમહાલ | વિજ્ઞાન | ૮૫.૦૮ | એમ.એન્ડ એમ.મહેતા હાઇ.–ગોધરા |
| ૧૫ | ગોહેલ દિનેશભાઇ મનુભાઇ | પંચમહાલ | સામાન્ય | ૮૭.૩૩ | કે. એમ. મહેતા હાઇસ્કૂલ-મોરવા(રેણા) |
| ૧૬ | પટેલ મીથુનકુમાર એસ. | પંચમહાલ | સામાન્ય | ૮૭.૩૩ | કે. એમ. મહેતા હાઇસ્કૂલ-મોરવા(રેણા) |
| ૧૭ | પ્રજાપતી ભરતભાઇ બી. | બનાસકાંઠા | વિજ્ઞાન | ૯૧.૨૩ | વિવિધલક્ષી વિદ્યામંદિર-પાલનપુર |
| ૧૮ | મોરખીયા પૂન્યપાલ આર. | બનાસકાંઠા | સામાન્ય | ૮૫.૧૭ | સરદાર પટેલ હાઇસ્કૂલ-ડીસા |
| ૧૯ | મિસ્ત્રી જિજ્ઞાબેન જે. | ભરુચ | વિજ્ઞાન | ૮૭.૨૩ | ભારતીય વિદ્યાભવન-નર્મદાનગર |
| ૨૦ | મિસ્ત્રી નૈનીતાબેન જે. | ભરુચ | સામાન્ય | ૮૩.૫૦ | રૂંગટા વિદ્યાભવન-ભરૂચ |
| ૨૧ | પારેખ ઝંખના રમેશચંદ્ર | ભાવનગર | વિજ્ઞાન | ૯૧.૩૮ | બી. એમ. કોમર્સ હાઇસ્કૂલ |
| ૨૨ | રાજપાલ રવિકુમાર એમ. | ભાવનગર | સામાન્ય | ૮૮.૮૩ | સંતકંવરરામ સિંધી હાઇસ્કૂલ |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જિલ્લો | પ્રવાહ | ટકા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૨૩ | પટેલ રિતેષકુમાર શંકરલાલ | મહેસાણા | વિજ્ઞાન | ૮૭.૬૯ | શ્રીમતી એલ.આર.આર.પટેલ હાઈસ્કૂલ |
| ૨૪ | શ્રેયસ્કર સંજયપ્રકાશ પી. | મહેસાણા | સામાન્ય | ૮૯.૧૭ | સાર્વજનિક વિદ્યાલય—મહેસાણા |
| ૨૫ | રાણા ક્રીપાલસિંહ નરેન્દ્રસિંહ | રાજકોટ | વિજ્ઞાન | ૯૧.૫૪ | સૌરાષ્ટ્ર હાઇસ્કૂલ |
| ૨૬ | પારેખ પૂજા શ્રીકાંતભાઈ | રાજકોટ | સામાન્ય | ૮૮.૮૩ | એસ.જી.ધોળકિયા મેમોરીયલ હાઈસ્કૂલ |
| ૨૭ | કાત્યાયીની પી.જી.કે. મૂર્તિ | વડોદરા | વિજ્ઞાન | ૯૧.૨૩ | ગુજરાત રીફાઈનરી ઈંગ્લીશ મી.સ્કૂલ |
| ૨૮ | ભૌમિક સુવોરીત સુભાષ | વડોદરા | વિજ્ઞાન | ૯૧.૨૩ | બરોડા હાઈસ્કૂલ |
| ૨૯ | જોષી ગાયત્રી દીપકભાઈ | વડોદરા | સામાન્ય | ૯૦.૧૭ | મહારાણી ચીમનાબાઈ હાઈસ્કૂલ |
| ૩૦ | ડોડીયા વિરલકુમાર એન. | વલસાડ | વિજ્ઞાન | ૮૫.૬૯ | શેઠ આર.જે.જે. હાઈસ્કૂલ |
| ૩૧ | દેસાઈ અમી દીપકકુમાર | વલસાડ | સામાન્ય | ૮૩.૮૩ | સેન્ટ જોસેફ ઈંગ્લીશ હાઈસ્કૂલ |
| ૩૨ | ચૌધરી સંદીપકુમાર એસ. | સાબરકાંઠા | વિજ્ઞાન | ૮૪.૩૧ | કે.એન.શાહ મોડાસા હાઈસ્કૂલ |
| ૩૩ | તૂરી શર્મિષ્ઠાબેન રત્નાભાઈ | સાબરકાંઠા | સામાન્ય | ૮૭.૧૭ | એમ.પી.શાહ હાઈસ્કૂલ—જીતપુર |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જિલ્લો | પ્રવાહ | ટકા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૩૪ | પટેલ રવીશ હરીશભાઈ | સુરત | વિજ્ઞાન | ૯૨.૯૨ | ઈન્દીરાબેન ટેકરાવાલા હાઈસ્કૂલ |
| ૩૫ | શાહ નિકીતા દીપકકુમાર | સુરત | સામાન્ય | ૮૯.૩૩ | આર.એસ.એમ. પૂનાવાલા સ્કૂલ-સુરત |
| ૩૬ | સંઘવી કિંતન જયકાંતભાઈ | સુરેન્દ્રનગર | વિજ્ઞાન | ૮૫.૬૯ | શ્રી સરદાર પટેલ વિદ્યાલય |
| ૩૭ | બૂચ ભક્તિ અજયભાઈ | સુરેન્દ્રનગર | સામાન્ય | ૮૬.૬૭ | ભૂરીબેન અમુલખ કન્યાવિદ્યાલય-લીંબડી |
| ૩૮ | પટેલ બ્રિજલકુમાર એ. | કેન્દ્રશાસિત | વિજ્ઞાન | ૮૧.૬૯ | એમ.જી.એમ.સાર્વ. વિદ્યાલય-દમણ |
| ૩૯ | લાડ જિજ્ઞાસાકુમારી બી. | કેન્દ્રશાસિત | સામાન્ય | ૭૮.૮૩ | ગવર્મેન્ટ હાયરસેકન્ડરી સ્કૂલ-નારોલી |
| ૪૦ | પટેલ અર્પિતા રજનીકાન્ત | આણંદ | વિજ્ઞાન | ૯૦.૧૫ | સી.વી.એમ.એચસી.એજ્યુ.કોમ્પલેક્ષ |
| ૪૧ | પટેલ મુક્તિ મોહનભાઈ | આણંદ | સામાન્ય | ૮૬.૩૩ | સી.વી.એમ.એચસી.એજ્યુ.કોમ્પલેક્ષ |
| ૪૨ | મોદી વિશાલ મૂકેશભાઈ | પાટણ | વિજ્ઞાન | ૯૦.૩૧ | પી.પી.જી. એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલ |
| ૪૩ | પંડ્યા રમેશભાઈ બાબુભાઈ | પાટણ | સામાન્ય | ૮૭.૦૦ | પી.પી.જી. એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલ |
| ૪૪ | ગાંધી પ્રિયંકકુમાર ભરતભાઈ | નવસારી | વિજ્ઞાન | ૮૬.૦૦ | શેઠ પી. એમ. વિદ્યાલય |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જિલ્લો | પ્રવાહ | ટકા | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૪૫ | દુધાત ગાર્ગીબેન કિરીટકુમાર | નવસારી | સામાન્ય | ૮૭.૫૦ | શેઠ આર.જે.જે. હાઇસ્કૂલ |
| ૪૬ | છારછોડવાલા તાહેર એચ. | દાહોદ | વિજ્ઞાન | ૮૩.૮૫ | આર.એન્ડ એલ.પંડ્યા હાઈસ્કૂલ |
| ૪૭ | તડવી અનસૂયાબેન એચ. | દાહોદ | સામાન્ય | ૮૩.૧૭ | શ્રીમતી મેમુનાબાઇ યાહાભાઇ હાઇસ્કૂલ |
| ૪૮ | સોપારીવાલા સલ્મા એમ. | પોરબંદર | વિજ્ઞાન | ૮૧.૩૮ | નવયુગ વિદ્યાલય પોરબંદર |
| ૪૯ | ગોકાણી ભક્તિ કિશોરભાઇ | પોરબંદર | સામાન્ય | ૮૮.૩૩ | મહારાણી શ્રી બાલુબા કન્યા વિદ્યાલય |
| ૫૦ | કોઠારી ભૂમિ સુધીરકુમાર | નર્મદા | વિજ્ઞાન | ૭૯.૫૪ | રાજપીપળા હાઇસ્કૂલ |
| ૫૧ | બારૈયા સંજયભાઇ એન. | નર્મદા | સામાન્ય | ૭૯.૧૭ | શ્રી મસ્તરામ વિનય વિદ્યામંદિર-ઉતાવડી |
| ૫૨ | પટેલ હાર્દિકકુમાર જશુભાઇ | ગાંધીનગર | વિજ્ઞાન | ૮૯.૨૩ | આર.સી.પટેલ હાયરસેકન્ડરી સ્કૂલ |
| ૫૩ | ત્રિવેદી દીશાબેન એ. | ગાંધીનગર | સામાન્ય | ૮૮.૬૭ | આર.સી.પટેલ હાયરસેકન્ડરી સ્કૂલ |
| ૫૪ | સૂર્યવંશી રઘુભાઇ જી. | ડાંગ | સામાન્ય | ૭૮.૩૩ | ગવર્મેન્ટ સેન્ડરી સ્કૂલ-આહવા |
| | | | | | |

# સ્નેહ યજ્ઞ

—તંત્રી

'મા' સર્વેશ્વરીની સંનિધિપર્વ નિમિત્તે આયોજીત સ્નેહયજ્ઞ તા. ૨૩–૧૨–૨૦૦૩ થી ૨૮–૧૨–૨૦૦૩ દરમિયાન કપૂરા (કર્પૂરવન), તા. વ્યારા, જિ. સુરતમાં યોજાયો. આ દિવસો દરમિયાન પૂ. માની સતત ઉપસ્થિતિ રહી. આ દિવસોમાં સવારના ૬–૩૦ થી રાત્રિના ૧૧–૦૦ સુધી ભજન, કીર્તન, સાધના, જ્ઞાનગોષ્ઠિ, સેવા ને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી સ્નેહયજ્ઞમાં આહુતિઓ અપાતી રહી. પાર્થ, પૂજા, રાધિકા, કૌશલ અને શ્લોકાના નામ સાથે 'મા પરિવાર સ્વાગત કરે છે' તે બેનર સૌનાં આગમનને વધાવતું હતું.

સવારે ૬–૩૦ કલાકે પૂ. વામનભાઈના ઘરે મા–પ્રભુના સ્વરૂપોને પ્રણામ કરી શ્રીમતી ગંગાબહેનના હસ્તે પ્રસાદ લઈ કર્પૂરવનના પદના ગાન સાથે પ્રભાત વંદનાની બેઠકનો પ્રારંભ પ્રભાત ફેરીથી થતો. આ પ્રભાત ફેરીથી ગામમાં વાતાવરણ વૃંદાવન જેવું થઈ જતું.

શ્રીમતી ગંગાબેન, શ્રી જગદીપભાઈ, શ્રીમતી નયનાબેન, શ્રીપાર્થ, શ્રી પૂજા, શ્રી રમેશભાઈ, શ્રીમતી શારદાબેન, શ્રીમતી શુશીલાબેન, શ્રી નારાયણભાઈ, શ્રીમતી સાવીત્રીબેન, શ્રી સંજયભાઈ, શ્રીમતી વીણાબેન, શ્રી રમેશભાઈ–શ્રીમતી ભારતીબેન, શ્રી કૌશલ, શ્રી રાધિકાનું સૌએ પ્રેમસભર આતિથ્ય માણ્યું. ભક્તોનું તિલકથી સ્વાગત કર્યું, સૌને એક માળા, એક ગૌમુખી, પ્રસાદ વગેરે આપ્યા અને યજમાન



પરિવારે તન, મન, ધનથી મા–પ્રભુ અને સાધક ભાઈ–બહેનોને પ્રેમપૂર્વક રાખ્યાં, સાચવ્યા અને મા–પ્રભુનાં પ્રેમરંગે રંગી દીધાં.

'અમે તો પંખી પારાવારના અમારે દેશ શા? વિદેશ શા?' ઉક્તિ સંનિધિપર્વની આમંત્રણ પત્રિકામાં છાપેલી હતી અને એવી જ વાસ્તવિકતા હતી. અમેરિકા, કેનેડા, પનામા, ઈંગ્લાંડથી ઘણાં સાધક–ભાઈ–બનો આવ્યાં હતાં. જ્યારે ગુજરાતના ધ્યાનકેન્દ્રોમાંથી તેમજ મુંબઈ, મસૂરી, અને હરિદ્વારથી પણ મા–પ્રભુના સાધકો આવ્યા અને પૂ. માએ ૬૦ કલાકની પ્રત્યક્ષ સંનિધિ ધરીને, દર્શન આપીને ધન્ય કર્યા.

જુદાજુદા દિવસે વિવિધક્ષેત્રના તજજ્ઞ વક્તાઓએ જીવનની ગુણવત્તા વધારનારા અને અધ્યાત્મ જગતમાં પ્રવાસ ખેડવા પ્રેરણા આપનાર પ્રવચનો કર્યા. શ્રી તરલાબેન દેસાઈ, ડો. લક્ષ્મેશભાઈ જોશી, ડો. હિમાંશુ પાઠક શ્રી નાથુભાઈ ભક્ત, શ્રી નારાયણભાઈ જાની, શ્રી યોગેશ પંડ્યા શ્રીમતી જ્યોત્સનાબેન ત્રિવેદી, શ્રી વિનોદભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ શાહ, શ્રી જગદીપભાઈ, શ્રી કલ્યાણ, શ્રી પંડિતજી શ્રી યોગિતા મહેતા, શ્રી નિખિલ દેવ આચાર્યએ પ્રવચનો કર્યા. શ્રી આસિત દેસાઈ, શ્રીમતી હેમા દેસાઈ, શ્રી આલાપ દેસાઈએ ભગવાન શ્રી કૃષ્ણ, શ્રી નરસિંહ મહેતા, શ્રીનાથજી ભગવાન પૂ. શ્રીના પદો ભજન સંધ્યા અને પ્રભાતિયા કાર્યક્રમના ઉપક્રમે ગાયાં. સૌને ભક્તિસાગરમાં નવડાવી દીધાં.

૧૧૧ સાધક ભાઈ–બેનોએ બ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ ડોનેટ કર્યું. વિદેશના બાળકોએ પૂ. મા–પ્રભુના જીવન આધારિત નાટકો કર્યા. નાટકોમાં શ્રી સુરેશભાઈ, શ્રી તેજલ,

શ્રી પાવનભાઇ, શ્રી નિશા, શ્રી વિકાસભાઇ, શ્રી ગોપી, શ્રી ગાર્ગી, શ્રી સત્યેનભાઇ, શ્રી સારંગ વગેરેએ રસપૂર્વક ભાગ લીધો. શ્રી મીનળબેન મેરાઇએ ભરતનાટ્યમના નૃત્યો રજૂ કર્યા. શ્રી ડિમ્પલ ડેપ્યૂટીએ કલાશ્રી સંસ્થાઓની બહેનોની સંગાથે વિવિધ નૃત્યો કરીને સૌને સ્વર્ગીય વાતાવરણની અનુભૂતિ કરાવી. 'સર્વમંગલ', 'પોયણ પાંગર્યું (મા સર્વેશ્વરીની શૈશવ કથા)' નામના પુસ્તક અને માની પરિચય પુસ્તિકા તેમજ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની માહિતી પત્રિકાનું તેમ જ 'પૂજાના ફૂલ' નામની કેસેટનું વિમોચન કર્યું. શ્રી રાજુભાઇ જાની, શ્રી અજયભાઇ કલોલાએ પૂં માની સ્લેટમાં જે લખાય તે જાહેરમાં સૌને પડછાયાની જેમ રહીને જણાવ્યું, કાર્યક્રમો ચલાવ્યા, આયોજનમાં સહયોગી થયા. શ્રી બચુભાઇ ભક્ત અને કાર્યાલયની સઘળી ટીમે કેન્દ્રીય વ્યવસ્થા સંભાળી. મા પરિવારના તમામ સભ્યો ખડેપગે સૌની સેવામાં હાજર રહ્યા. સ્નેહયજ્ઞના લેખો વિશેષાંકરૂપે કે ક્રમશઃ છપાશે. આ તો માત્ર હિમશિલાની એક ટોચ સમાન માહિતી સાધકોની જિજ્ઞાસા માટે મૂકી છે.



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

દેવકી તરત બોલી :

'એ શૂરવીરતા નથી પરંતુ કાયરતા અથવા અધમતા છે. નરી અધમતા.'

'તારા સિવાય બીજું કોઇ જ એવું નથી કહેતું.'

'કેમ નથી કહેતું? જે સમજે છે તે બધા જ કહે છે કે તારી પ્રવૃત્તિ ભયંકર અધમતાથી ભરેલી અને પાપરૂપ છે.'

'મને પાપ કે પુણ્યની નથી પડી.'

વસુદેવ વચ્ચે જ બોલ્યા :

'પાપપુણ્યની નથી પડી તો શેની પડી છે?'

'મારી સુરક્ષાની અને એને માટે તમારા સંતાનના વિનાશની. દેવકી મારી પ્રવૃત્તિને પાપરૂપ કહી બતાવે છે પરંતુ એ જો સાચેસાચ પાપરૂપ હોત તો મેં તમને બંનેને જીવતાં રાખવાને બદલે ક્યારનાં યમસદનમાં પહોંચાડી દીધાં હોત. તમારે તો ઊલટો મારો આભાર માનવો જોઇએ.'

દેવકી બોલી :

'તું આટલી બધી હત્યાથી હજુ ધરાયો ના હોય ને મને પણ મારી નાખવા માગતો હોય તો મારી શકે છે. હું આ બેઠી. તું તે દિવસે મને પણ મારી નાખવા તૈયાર થયેલો, પરંતુ તારું કોઇક જન્માંતરનું સુકૃત વચ્ચે આવ્યું ને તું એક મહાન પાતકમાંથી બચી ગયો. અમે તારા જેવાં કઠોર નથી તોપણ અમારા સંતાનને અવશ્ય આપી દઇશું.'

કંસને સંતોષ થયો.

એ ચાલતાં પહેલાં બોલ્યો :

'તું ગર્ભવતી ના હોત તો અત્યારે જ તને મારી નાખત. પણ હવે એવું કામ નહિ કરું. મારે તો તારા સંતાન સાથે જ કામ છે. એ મને મળી જશે એટલે થયું. મારી કાયમની ચિંતા ટળી જશે.'

'એ પછી પણ તારી ચિંતા ટળશે કે કેમ એ શંકાસ્પદ છે.'

દેવકી બોલી : 'એ પછી તો કદાચ તારી ચિંતા અનેકગણી વધી જશે.'

પરંતુ દેવકીના એ શબ્દોને સાંભળ્યા ના સાંભળ્યા કરીને કંસ ઉત્તેજનાયુક્ત ચાલે ચાલી નીકળ્યો.

• • •

આખરે એ ઘડી અને પળ આવી પહોંચી. સંસારના સુવર્ણમય સુંદર ઈતિહાસની એ પરમપાવની, મહિમાવતી, મહામૂલ્યવાન, મંગલમયી, મહાઘડી.

શ્રાવણ વદ આઠમને બુધવારની એ રાત્રિ બીજી રાત્રિ કરતાં અધિક રમણીય લાગવા માંડી.

એ વખતે રોહિણી નક્ષત્ર ચાલી રહેલું.

આકાશના બધા જ ગ્રહ, નક્ષત્ર અને તારાગણો શાંત બની ગયા.

સમસ્ત શુભ ગુણોથી યુક્ત સુંદર શુભ સમય શરૂ થયો.

દિશાપ્રદિશાઓ શાંત, પ્રસન્ન, પુલકિત અને પવિત્ર બની ગઈ.

રાત્રિસમય હોવા છતાં પણ સરોવરમાં કમનીય કમળો ખીલી ઊઠ્યાં.



નદીનાં નીર અતિશય નિર્મળ અને આહ્લાદક લાગવા માંડ્યાં.

પરમપવિત્ર સ્વર્ગીય સુધામય સુવાસથી સમૃદ્ધ સમીર લહરી ચારે તરફ પોતાનું મંદ મંદ લાસ્યનૃત્ય કરવા લાગી.

પ્રકૃતિ આખીયે પ્રસન્નતાથી પુલકિત બનીને એ મહામહિમા-વાન ધન્ય બાળકના સ્વાગત સારુ તૈયાર થઈ.

વર્ષાનાં વાદળ ઉપરાઉપરી આંટાફેરા કરવા લાગ્યાં.

એમની પાછળ અવારનવાર છૂપાતો ચંદ્ર એ અદ્ભુત બાળકનાં દર્શન માટે જાણે કે આતુરતા બતાવવા લાગ્યો.

વાદળ ગરજવા માંડ્યાં, મંદ મંદ વરસાદ વરસવા લાગ્યો, ને મધ્યરાત્રિનો સુંદર શાંત સ્વર્ણમય સમીપ આવી પહોંચ્યો.

એ જ વખતે દેવકી તથા વસુદેવે વિસ્મયયુક્ત નજરે જોયું તો એમને પોતાની સમક્ષ કોઈ અલૌકિક પ્રખર પ્રકાશપુંજ પ્રકટેલો દેખાયો.

દેવકી ભાવવિભોર બનીને બોલી ઊઠી :

'હું તે દિવસે જેના વિશે કહેતી'તી તે પ્રકાશપુંજ આ જ. મેં એ દિવસે સ્વપ્નમાં આનું જ દર્શન કરેલું. આનું જ.'

ત્યાં તો પ્રકાશપુંજ અતિશય પ્રબળ બન્યો ને સ્થિર થયો.

આશ્ચર્ય એ હતું કે એ પ્રકાશપુંજ પ્રખર હોવા છતાં અસહ્ય ન હતો. એને ધારી ધારીને જોવાનું શક્ય હતું.

એમાંથી અવાજ નીકળ્યો :

'દેવકી, મેં એ દિવસે સ્વપ્નમાં જે વાત કહેલી તેનું સ્મરણ છે ને?'

'હા. સ્મરણ છે.'

'મારી એ વાતચીતના અનુસંધાનમાં જ હું આવી પહોંચ્યો છું. હું તારે ત્યાં આજે જન્મ લઈશ.'

અવાજ એકાએક બંધ થયો અને એ પરમસુંદર શાંતિમય પ્રકાશપુંજમાંથી એક અદ્‌ભુત અસાધારણ લાવણ્યયુક્ત સ્વરૂપ-નો આવિર્ભાવ થયો.

એ ચતુર્ભુજ સુંદર સ્વરૂપને દેખીને દેવકી વસુદેવ આશ્ચર્ય-ચકિત બની ગયાં.

પ્રકાશે પોતાના પાર્થિવ શરીરમાં ક્યારે પ્રવેશ કર્યો અને એ જ પરમપ્રકાશ દેવકીના ઉદરમાંથી પુત્રરૂપે પ્રગટ થઈને ચતુર્ભુજ સુંદર સ્વરૂપમાં ક્યારે દૃષ્ટિગોચર થવા લાગ્યો તેની દેવકીને ખબર પણ ના પડી.

વસુદેવ તથા દેવકીએ પોતાની સામે ઊભેલા પૂર્ણ ચંદ્ર જેવા પરમપ્રકાશિત મધુમય અદ્‌ભુત બાળકનું દર્શન કર્યું.

એ દર્શન એમને માટે અત્યંત આહ્‌લાદક બની ગયું.

એ બાળકનું સ્વરૂપ અનોખું હતું.

એનાં લોચન કમળ જેવાં કમનીય, કોમળ, વિશાળ અને તેજસ્વી હતાં.

શંખ, ચક્ર, ગદા તથા પદ્મધારી એ અદ્‌ભુત બાળકના મધુર મુખપર મંદ મંદ સ્મિત રહેલું.

એના વક્ષસ્થળપર સુંદર સુવર્ણમયી રેખા હતી અને કંઠની આસપાસ કૌસ્તુભમણિની દીપ્તિ.

વરસાદી વાદળ જેવા પરમસુંદર શ્યામ શરીરપર પહેરેલા પીતાંબરની આભા અત્યંત અસાધારણ હતી.



બહુમૂલ્ય વૈદૂર્યમણિથી સુશોભિત કિરીટની તથા કુંડલની કાંતિથી વિશેષ સુંદર દેખાતા કેશ એમના અવલોકનમાત્રથી આકર્ષક લાગતા.

એ અસાધારણ બાળકના શરીરમાંથી સુખદ, શાંતિકારક, સૌંદર્ય ટપકી રહેલું.

એનું દર્શન કરીને વસુદેવ અને દેવકી અતિશય આશ્ચર્ય-ચકિત બની ગયાં.

એમનાં અંતર આનંદમાં અવગાહન કરવા લાગ્યાં. (ક્રમશઃ)

જો એક વાર આપણામાં ઈશ્વર માટેની સાચી ભૂખ જાગી જાય તો ઈશ્વર આપણાથી દૂર રહી નહિ શકે. આપણને પ્રેમપૂર્વક મળશે, એ નક્કી છે.

**— યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**
**"સત્યવાન" તથા "ચંદન"**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**–૩૬૦૦૦૨

# ઈ. સ. ૨૦૦૪ ના વર્ષ માટે પ્રાર્થના

ઈ. સ. ૨૦૦૪ ના નવા વર્ષનો પ્રારંભ થયો છે. વિષમ વાતાવરણમાં આપણને સહુને ભારતમાં અને વિદેશમાં પૂ. મા જેવી મહાન વિભૂતિની સંનિધિ મળે છે. પૂ. શ્રીએ રચેલા દાર્શનિક ગ્રંથોનો પણ સહારો મળ્યો છે. અધ્યાત્મ જગતમાં પા–પા પગલી માંડવા માટે વિવિધ પ્રકારના સાધનોની ઉપલબ્ધિ મા–પ્રભુએ કરી આપી છે. સદ્‌ગ્રંથોનું વાચન, મનન, આચ-રણ, જપ, પૂજા, સંકીર્તન, સત્કર્મ, સત્સંગ અને ધ્યાન વગેરે આપણને શાંતિ આપનારા સાધનો છે. આ સાધનોની સમજ અને પ્રાપ્યતા મા–પ્રભુની કૃપાને કારણે મળી છે. તેનો સર્વોત્તમ રીતે ઉપયોગ કરીએ અને જીવનમાં ધન્યતાનો અનુભવ કરીએ એવી મા–પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરીએ. આ નવું વર્ષ સહુ કોઇને સર્વોત્તમ રીતે સદ્‌બુદ્ધિ, શાંતિ, અને પ્રસન્નતા આપનારું બની રહે એવી મંગલ કામના કરીએ.

### ❁ 'અધ્યાત્મ'નું ઈમેઇલ એડ્રેસ ❁

અધ્યાત્મના દેશના તથા પરદેશના ગ્રાહકોને પોતાના સરનામા બદલાયા હોય તો ઈમેઇલ એડ્રેસ કરી શકે છે.

Email : adhyatma_editor@yahoo.co.in
Phone : **(0278) 2560649**



## ❁ શ્રી મા સર્વેશ્વરીને ❁

હે ઈશા હે જગદીશા તમે
હે મા મહેશ્વરી સુખધામ
પરમ પુનિત પદચરણે તમારો
કરજોડી હું કરું પ્રણામ.

યોગેશ્વરની યોગેશ્વરી તમે
પામ્યા પદ સર્વેશ્વરી મા
જગજનની અખિલેશ્વરી છો તમે
પૂજનીયા વિશ્વેશ્વરી મા

નિરાહાર નિર્જળા કષ્ટ સહી
કરી તપસ્યા તપેશ્વરી મા
ભક્તિ સાધના પંથે અવિરતે
વંદન હે સિદ્ધેશ્વરી મા

ભક્તો કેરાં કષ્ટો કાપતો
જ્ઞાન દઇ જ્ઞાનેશ્વરી મા
દીનદરિદ્રને સહાય કરંતા
દયાતણી દેવીશ્વરી મા

સ્નેહ–કરુણા વર્ષા કરંતા
મમતામયી કૃપેશ્વરી મા
વંદન કોટિ કોટિ તમને
જગદંબા ભુવનેશ્વરી મા

**—અરુણિકા મનોજ દરૂ**
**વલસાડ.**